ગુજરાતી માઈક્રોફિક્શનનું પહેલું અને એકમાત્ર સામયિક

# સર્જન

વર્ષ ૨, અંક ૭ સંપાદક : રાજુલ ભાનુશાલી ઑગસ્ટ ૨૦૧૭



'અક્ષરનાદ માઈક્રોફિક્શન સ્પર્ધા 3' ની કેટલીક વિજેતા વાર્તાઓ સાથે..

**एकोहम बहुस्याम्।**
**- છાંદોગ્ય ઉપનિષદ (૬.૨.૩)**

# સર્જન

**અંક ૭ ઓગષ્ટ ૨૦૧૭ વર્ષ ૨**

**સંપાદક – રાજુલ ભાનુશાલી**

**સહસંપાદક – જીજ્ઞેશ કાનાબાર, ધવલ સોની**

**સંપાદન સહાય – સંજય ગુંદલાવકર, મીરા જોશી**

**ગ્રાફિક્સ, સોશિયલ મીડિયા – જલ્પા જૈન, હાર્દિક પંડ્યા**

**સંકેત વર્મા, હીરલ કોટડિયા**

**તંત્રી – જીજ્ઞેશ અધ્યારૂ**

**પ્રકાશક – પ્રતિભા ભટ્ટ અધ્યારૂ**

પ્રકાશન

અક્ષરનાદ AksharNaad.com

**જીજ્ઞેશ અધ્યારૂ, એ-૪૬, સાંઈનગર સોસાયટી,**

**ખોડીયાર નગર પાછળ, ન્યૂ વી આઈ પી રોડ, વડોદરા ૨૨**

**ફોન - ૯૯૭૪૪ ૧૦૮૬૮**

**વેબ – http://aksharnaad.com**

## વાચકમિત્રો / લેખકમિત્રોને સૂચના:-

- 'સર્જન' માત્ર માઈક્રોફિક્શન વાર્તાસ્વરૂપ માટેનું માસિક ઈ-સામયિક છે એ દર માસની પંદરમી તારીખે પ્રગટ થશે.
- નવોદિત રચનાકારોને અહીં હાર્દિક આવકાર છે. લેખકમિત્રો અમારા ઈ-મેલ સરનામે કૃતિઓ પ્રકાશનાર્થે મોકલી શકે છે.
- મહત્તમ ૩૦૦ શબ્દમર્યાદામાં કૃતિ મોકલવી, બે થી વધુ ન મોકલવી. અન્યત્રપ્રિન્ટ કે ઓનલાઈન પ્રકાશિત કૃતિઓ ન મોકલવી.
- સર્જન સામયિક અને વોટ્સએપ ગૃપ સાથે સંકળાયેલા તમામ સભ્યો સ્વેચ્છાએ માનદ સેવા આપે છે, એ અનુસંધાને પ્રકાશિત કૃતિ માટે પણ પુરસ્કારનું ધોરણ રાખ્યું નથી જેની નોંધ લેવી.
- કૃતિ વર્ડમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને મોકલવી, સાથે ઈ-મેલમાં નામ, ફોટો, સંપર્ક સરનામું તથા ફોન નંબર અચૂક લખવા. હાથે લખાયેલી, સ્કેન કરાયેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, તેના નિર્ણય, પ્રકાશનમાં વિલંબ થશે. પોસ્ટ કે કૂરીયર દ્વારા રચનાઓ સ્વીકારાતી નથી.
- ઈ-મેલ દ્વારા માઈક્રોફિક્શન વાર્તા Sarjanmfc@gmail.com પર સબ્જેક્ટમાં For Sarjan Micro fiction magazine લખીને મોકલવી, મહત્તમ પંદર દિવસની મર્યાદામાં આપને કૃતિના સ્વીકાર-અસ્વીકાર વિશેની માહિતી વળતા ઈ-મેલ દ્વારા મળશે.
- સર્જનમાં પ્રસિદ્ધ થતા લખાણની જવાબદારી જે તે લેખકની છે, અહીં પ્રકાશિત રચનાઓ, અભિપ્રાયો સાથે સંપાદક મંડળ સંમત હોય એ જરૂરી નથી.
- માઈક્રોફિક્શનમાં વાક્યરચના, જોડણી વગેરેની ભૂલો ચકાસીને મોકલવી. એ માટે સાર્થ જોડણીકોશ કે નાનો કોશ અથવા ગુજરાતીલેક્સિકોનનું સ્પેલચેકર અથવા વિશાલભાઈ મોણપરાનું સરસ સ્પેલચેકર ઉપયોગમાં લઈ શકાય છે.
- વાચકમિત્રો પોતાના પ્રતિભાવો અમારા ઈ-મેલ સરનામે Sarjanmfc@gmail.com મોકલી શકે છે. નોંધપાત્ર પ્રતિભાવો સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

*Title page image courtsy Pixabay.com*

# માઈક્રોક્રમ


સંપાદકીય - રાજુલ ભાનુશાલી ..... 4

શોર્ટ ફિલ્મ મૅકર દિવ્યાંશ પંડિત સાથે મુલાકાત - રાજુલ ભાનુશાલી ..... 6

૧) રોટલો - સંજય ગુંદલાવકર ..... 9

૨) બી કેરફૂલ..હાં ! - અજય ઓઝા ..... 9

૩) મહોરું - પાર્મી દેસાઈ ..... 10

૪) જિજીવિષા - સંકેત વર્મા ..... 10

૫) ઊંજણ - ભારતીબેન ગોહિલ ..... 11

૬) સ્પર્શ- નિમિષ વોરા ..... 11

૭) પીડા - ધવલ સોની ..... 12

૮) અલાર્મ - મીરા જોશી ..... 12

૯) અવતાર - નીવારોઝીન રાજકુમાર ..... 13

૧૦) સજા - જીજ્ઞેશ કાનાબાર ..... 14

'સર્જન'નું માઈક્રોફિક્શન અને માઈક્રોફિક્શનનું સર્જન - પ્રજ્ઞા પટેલ ..... 15

૧૧) જીવ - મીનાક્ષી વખારિયા ..... 16

૧૨) પાઠ - લતા સોની કાનુગા ..... 17

૧૩) ઠેસ - આરતી આંત્રોલીયા ..... 17

૧૪) ખાલીપો - વિભાવન મહેતા ..... 18

૧૫) ખોખલું - ગોપાલ ખેતાણી ..... 19

આ ક્ષણાર્ધની કળા છે - પ્રીતિ જરીવાળા ..... 20

૧૬) ટીપ - સુષમા શેઠ ..... 21

૧૭) કૂંપળ - હીરલ વ્યાસ 'વાસંતીફૂલ' ..... 21

૧૮) મહોરાં મહેલ - કલ્પેશ જયસ્વાલ ........ 21
૧૯) સાંજ - શીતલ ગઢવી........ 22
૨૦) લાલ ટાઈ - પારૂલ મેહતા........ 22
૨૧) છેલ્લી વસ્તુ – મહમદી વોરા........ 23
૨૨) સંબંધ - કિરણ પિયુષ શાહ ........ 23
૨૩) ન્યાય - અંકુર બેંકર ........ 24
૨૪) સ્ક્રીન સેવર - સંજય થોરાત........ 24
૨૫) નિજાનંદ - અતુલ ભટ્ટ........ 25
‘અક્ષરનાદ માઈક્રોફિક્શન સ્પર્ધા ૩’ની કેટલીક વિજેતા માઈક્રોફિક્શન ........ 26
૨૬) હું છું ને ? - ભારતીબેન ગોહિલ ........ 26
૨૭) કાપલી – વિપ્લવ ધંધૂકીયા ........ 26
૨૮) સમદુખિયા - પરેશ ગોધાસરા ........ 27
૨૯) આર્યુવેદ – જગદીશ કરંગીયા ........ 28
૩૦) ભગવાનનો કાગળ – શૈલેષ પંડ્યા........ 28
૩૧) મન – લીના વછરાજાની........ 29

‘સાર્જન’નો આ અંક સમર્પિત છે આદરણીય રતિલાલ ચંદેરિયા તથા ગુજરાતી લેક્સિકોનને..



આપણી ભાષા માટેના તેમના પ્રયત્નોને નતમસ્તક..

# સંપાદકીય - રાજુલ ભાનુશાલી

## વાર્તાની કળા.. અને કળાની વારતા..

"સાવ કોરા આકાશનું પ્રતિબિંબ અરીસો નથી ઝીલી શકતો! પરંતુ એ જ આકાશમાં જ્યારે કોઈ નાનકડું પક્ષી પાંખ પ્રસારે છે ત્યારે હદ વિનાના આકાશના ખરા દર્શન થાય છે.. માઈક્રોફિક્શન એ નાનકડું પક્ષી છે."

વિચારવું એ મગજનો કર્મસિદ્ધ અધિકાર છે.

દરેકે દરેક મગજમાં વિચારો તો આવતા જ હોય છે. પછી એ ચણીબોર જવડું હોય કે નારિયેળ જેવડું! સુસ્ત હોય કે પ્રવૃત્ત.. તૃપ્ત હોય કે અતૃપ્ત..

ઉપર કહ્યું એમ બધી દિશાઓને પેટમાં પધરાવીને લસ્ત થયેલું આકાશ કોઈ પંખીની પાંખોના ફફડાટથી આળસ મરડીને બેઠું થઈ જાય એમ જ મગજ પણ વાર્તાના કોક આછા પાતળા વિચાર માત્રથી સજગ થઈ જાય જાય છે. એ વિચારનું પછી વિઘટન થાય છે. એ વિચારના મૂળમાં જે સંવેદન હોય છે એનું પણ વિઘટન થાય છે. એમાંથી છૂટ્ટા પડેલા તત્વો મગજમાં ખળભળાટ પેદા કરે છે. ખળભળાટ ચરમ સીમાએ પહોંચે ત્યારે વાર્તાના વિધિવત્ત મંડાણ થાય છે. મંડાણ તો થયા, ત્યાર પછી પણ એ વિચારબીજમાંથી વાર્તા ઉગી જ નીકળશે એની કોઈ ગેરંટી નથી હોતી. એટલું સહેલું પણ નથી જ. ક્યારેક ન્યુટનની જેમ એવું પણ બને કે ઈંડું બાફવા મૂક્યું હોય ને એ ઈંડું બફાતાં કેટલો સમય લાગે એ જોવા હાથમાં ઘડીયાળ રાખી હોય. કેટલીય વાર પછી ખબર પડે કે ઘડીયાળ ઉકળતા પાણીમાં બફાઈ રહી હતી અને આપણે ઈંડું જોતાં હતાં! વાર્તાનુંય એવું જ.. છેક પહોંચીને ખબર પડે કે.. ખેર..

પણ ખરેખર શું એવું બનતું હશે કે જે ઘડીએ વાર્તા ઉકલે એ જ ઘડીએ લખાઈ જાય.. ના, એવો ચમત્કાર મારા માટે તો સત્ય નથી લાગતો. પોતાને પણ ખબર ન હોય એવું કશુંક મનમાં ચાલ્યા કરતું હોવું જોઈએ અને લાગ મળે કે તરત ઉપર આવી જતું હોવું જોઈએ. આવો અનુભવ કદાચ દરેક વાર્તાકારને થતો હશે!

આ બધી મથામણ દરમિયાન પણ વાર્તાસર્જનની એ ક્ષણોમાંના ધબકાર સતત ઓક્સિજન પૂરવાનું કામ તો કરતાં જ હોય છે. એ પણ આ મથામણની એક ઉપલબ્ધિ ખરી જ.

વાર્તાના બીજા પ્રકારો કરતાં માઈક્રોફિક્શન સ્વરૂપ થોડું અઘરું પણ ખરું જ! કારણ અહીં જે 'આકાશ'ની વાત છે એ માત્ર આપણી પોતાના ઘરની બારીમાંથી દેખાતા એક ટચુકડા ટુકડા જેવડું હોય છે! એટલા જ ટુકડામાં તમે પાંખો પ્રસારો, ફફડાવો કે પછી ઉડાન ભરો. એ સીમિત ટુકડામાં કામ કરવું કે પછી એમ કહો કે કામ લેવું અઘરું!

શરુઆતને તબક્કે વાર્તાને સમજવાની મથામણ અને પ્રકિયા દરમિયાન વાંચેલી વાર્તાકાર, નવલકથાકાર શ્રી મહેશ યાજ્ઞિકે કહેલી વાત અહીં શૅર કરું છું. જે માઈક્રોફિક્શન લખતી વખતે ઉપકારક સાબિત થઈ શકે એમ છે.

ધારો કે આપણે કોઈ 'નગીન' નામના પાત્રની વાર્તા લખી રહ્યા છીએ. તો એ નગીન કોણ છે? કેટલાં વર્ષનો છે? એનો દેખાવ કેવો છે? એની આર્થિક સ્થિતિ કેવી છે? આ બધી માહિતી વાચકને શરૂઆતથી જ મળી જાય તો એ નગીનને સારી રીતે ઓળખશે અને એથી એને નગીનની વાતમાં રસ પડશે. અત્યંત ટૂંકમાં છતાં નગીનનું આખું પાત્ર કઈ રીતે ઉપસાવશો?

જુઓ, ઉદાહરણ…

“બસસ્ટોપ પર ઊભેલા નગીને ચંપલની તૂટેલી પટ્ટી સંધાવવા માટે નજર ફેરવી પણ આજે મોચી દેખાયો નહીં. પાંત્રીસ વર્ષની ઉંમરે અર્ધા ધોળા થઈ ગયેલા વાળને એણે હાથની આંગળીઓથી વ્યવસ્થિત કર્યા. આજે મોડો ઉઠ્યો એટલે શાક-ભાખરી બનાવવાનો સમય નહોતો રહ્યો. ના છૂટકે આજે ઑફિસની કેન્ટિનમાં જમવું પડશે...”

આ એક ફકરો વાંચીને વાચકને જોઈતી તમામ માહિતી મળી જશે. પાંત્રીસ વર્ષનો નગીન વાંઢો છે. કોઈ ઑફિસમાં નોકરી કરે છે અને પોતાના દેખાવ માટે એ જરાય સભાન નથી. તૂટેલા ચંપલ પહેરીને પણ ઑફિસે જવાની એનામાં નૈતિક હિંમત છે. બીજા અપટુડેટ કર્મચારીઓ એના વિશે શું કહેશે એની એને પરવા નથી… વાચકના અજ્ઞાત મગજને આટલો સંદેશો મળી જાય એ પછી વાર્તાકાર તરીકે તમારું કામ સરળ બનશે. નગીન આગળ જે કંઈ કરશે એ બધામાં એને વાચકની સહાનુભૂતિ મળશે. સીધા સાદા વર્ણનને બદલે બે પાત્રના સંવાદ દ્વારા પણ વાર્તાના નાયકનો પરિચય પરોક્ષ રીતે વાચકને આપી શકાય. ટેલિફોન કે મોબાઈલ દ્વારા વાતચીત થતી હોય એના આધારે પણ વાચકની નજર સમક્ષ પાત્રનું ચિત્ર ઉપસાવી શકાય. આવી અનેક ટેકનીક શક્ય છે. ટૂંકમાં ત્રણથી ચાર વાક્યમાં ’નગીન’ નામના પાત્રનું આખું ચિત્ર વાચક સમક્ષ ખડું થઈ જશે.

વાર્તામાં ડીટેઈલિંગ પુરતું હોવું જોઈએ. ના ઓછું ન વધુ. વધુ પડતા ડીટેઈલિંગનો માઈક્રોફિક્શનમાં અવકાશ પણ નથી હોતો. એવી જ રીતે વાર્તા માત્ર એક ઘટના હોય એ પણ પુરતું નથી જ. જ્યારે માઈકોફિક્શનમાં માત્ર ઘટનાને જ પ્રાધાન્ય અપાયું હોય ત્યારે ઘણીવાર એ રસહીન બનીને રહી જતી હોય છે. ડીટેઈલિંગ એ શણગાર છે. પરંતુ આ વાત એવી છે કે તમે કોઈક બેસણામાં જાઓ ને ત્યારે પચ્ચીસ તોલાનો હીરાજડિત હાર પહેરીને તો ન જ જઈ શકો! એવી જ રીતે ઘરનાં લગ્ન હોય અને તમારી ડોક અને કાન અડવા હોય તો જોનારને પણ એ ચોક્કસ અડવું લાગવાનું. માઈક્રોફિક્શનનાં મુખ્ય પોત તરીકે તમે કયું તત્વ લો છો એ ચકાસો. એ ઘટના પ્રધાન હોય કે પાત્ર પ્રધાન એમાં જીવ પૂરો. પાત્રો સાથે રમતાં રમતાં કે પછી ઘટનાને બહેલાવતાં તમારે આગળ વધવું છે કે પછી ઉગતા ને આથમતા સૂર્ય વિષે કે ગુલમહોર પરથી ખરી પડેલા ફૂલો વિશે ફકરા લખવા છે એ તમે નક્કી કરો.

માઈક્રોફિક્શનનું સૌથી બીજું મહત્વનું પાસું છે એનો અંત અથવા ક્લાઈમેક્સ. જેવી રીતે જીવનનો ક્લાઈમેક્સ મૃત્યુ છે એવી રીતે કોઈ પણ માઈક્રોફિક્શનમાં પણ ક્લાઈમેક્સ હોવો જ જોઈએ. કોઈ પણ કળા હોય એમાંથી નીપજતો રસ જ્યારે અમુક ઉચ્ચ સ્તર સુધી જાય ત્યારે એક જગ્યા એવી આવે છે કે એ ફાટી પડે છે. એ વિરેચન કહેવાય. વિરેચનથી કૃતિ અસરદાર બને. વાર્તામાં રહેલા રસ કે ભાવને ઘૂંટો. ક્લાઇમેક્સ સુધી પહોંચાડો. અંત એવો ચોટદાર હોવો જોઈએ કે વાંચનારના મનોમસ્તિષ્કમાં ખળભળાટ મચી જાય. એક છાપ છોડી જાય. તમારી કાગળ પર અવતરેલી વાર્તા જ્યાંપૂરી ત્યાંથી એ વાર્તા વાચકના મનોમસ્તિષ્કમાં શરૂ થાય!

ટૂંકમાં પ્રયત્ન કરતા રહેવું. વાર્તા લખવી એ કળા છે. જેમ કોઈ પણ કળા સાધના માંગે છે એમ આ કળા પણ સાધના માંગે છે.

અત્રે એકવાર વાર્તાકાર મિત્ર રામ મોરીની સાથે થયેલી વાતચીત દરમિયાન જડેલી વાર્તાની એક વ્યાખ્યા યાદ આવે છે. રામે કહ્યું હતું. "વાર્તા લેખન -- આ દાદરા ઉતરવા જેવું છે. કોઈ ધમધમ કરતું ઉતરે. કોઈ ઝડપથી ઉતરે. કોઈ બબ્બે દાદરા સાથે કુદાવતા ઉતરે. કોઈ ખૂબ હળવે હળવે ઉતરે, પણ બેફિકરાઈથી. કોઈ કઠેડો પકડીને અત્યંત સાચવીને ઉતરે. બધાની પોતીકી રીત હોય. પણ જે રીતથી ઉતરશો, નીચે ચોક્કસ પહોંચી જશો."

અસ્તુ.

# શોર્ટ ફિલ્મ મેકર દિવ્યાંશ પંડિત સાથે મુલાકાત - રાજુલ ભાનુશાલી

सवाल - १) राजुल : दिव्यांश, आप शोर्ट स्टोरीझ लीखते हैं और शोर्ट फिल्म्स भी बनाते हैं.. ज्यादा कठिन कार्य क्या है? लीखना या फिल्माना?

दिव्यांश : देखिये, सोच कर कहानी लिखना बडा ही दिलचस्प होता है.. लेकिन जब उसी कहानी को फिल्माना होता है तो वह काम दिलचस्प के साथ मुश्किल भी हो जाता है.. क्योंकी सोच तो कोई भी सकता है.. लेकिन आप की सोच को जीवित करना बहोत ही कठीन है.. पर उस ही में मज़ा है।

सवाल - २) राजुल : आप के जीवन पर आपकी कहानीयों का प्रभाव और आप की कहानीयों पर आप के जीवन का प्रभाव - क्या पडता है?

दिव्यांश : मेरे जीवन का प्रभाव मेरी शोर्ट फिल्म्स में ज़रूर होता है.. जो भी मैं जीवन में देखता हुं, अनुभव करता हुं.. सोच की बीज तो मेरे जीवन से ही होती है.. वही सोच कहानी में बदलती है और शोर्ट फिल्म का रूप ले लेती है।

मैं जो भी शोर्ट फिल्म बनाता हुं, उसका असर कुछ हद तक मुझ पर ज़रूर पडता है। एक उदाहरण देता हुं.. रेप के टोपिक पर मैने एक शोर्ट फिल्म बनाई थी 'रेप्ड' वह फिल्म बनाने के बाद मेरे मुँह से गलती से भी माँ या बहन को ले कर गाली नहीं आती।

सवाल - ३) राजुल : एक कहानी जो कागझ पे लीखी हुई है.. उसको फिल्माते समय उसमें कुछ बदलाव करने पडते होंगे.. ये बदलाव कैसे होतें है? कैसे कीए जाते हैं?

दिव्यांश : कहानी लिखते समय एक लेखक सिर्फ अपने दिमाग से सोच कर लिखते है, लेकिन जब उस कहानी को फिल्माने का समय आता है तो कई लोग उस कहानी को फिल्म के रूप में जीवित करने में लग जाते है। राईटर और डायरेक्टर समेत एक्टर्स भी अपना अनुभव लेके आतें हैं। अगर फिल्माने के समय लगता है कि किसी एक्टर या और किसी कि भी सलाह कहानी को सुधार सकती है, तो हम बेझिझक होकर बदलाव कर लेते है।

सवाल - ४) राजुल : कहानी और स्क्रीप्ट में क्या अंतर होता है? स्क्रीप्ट कैसे लीखी जाए? स्क्रीन प्ले क्या होता है?

दिव्यांश : पहले कहानी लिखी जाती है.. जो लिनीयर होती है। उसके बाद उस कहानी में नाटक जोड़ा जाता है। कहानी को किस अंदाज़ में कहना है उस पर काम किया जाता है। उदाहरण - कहानी को फ्लेशबेक से शुरु

करना.. बिना डायलोग के इस अभ्यास को स्क्रीनप्ले कहते है। इस के बाद जब डायलोग जोडे जातें हैं. तब वह स्क्रीप्ट कहेलाई जाती है।

सवाल - ५) राजुल : आजकल माईक्रोफिक्शन कहानी प्रकार बडी तेजी से प्रचलित हो रहा है.. आप जनतें हैं ईसके बारे में? लीखी है माइक्रोफिक्शन? हां, तो एखाद सुनाईए.. ना, तो आगे लीखना पसंद करेंगे?

दिव्यांश : बिल्कुल.. मैने सुना है माईक्रोफिक्शन के बारे में। मुझे अब तक लिखने का मौका मिला नहीं है. लेकिन, किसी दिन लिखना ज़रूर पसंद करुंगा।

सवाल - ६) राजुल : तो अब तक क्या मेरे पूछने का ईंतझार कर रहे थे?

दिव्यांश : हा.. हा.. हा..

सवाल - ७) राजुल : जब हम कुछ पढतें हैं, या कोई फिल्म देखतें है तब अनेकोबार ऐसा लगता है की यह तो ह्म पहेले भी पढ चूके हैं, या देख चूके हैं! ऐसी सीच्युएशन को आप कैसे हेंडल करतें है? कीस तरह से आपकी क्रितिओं और फिल्मों मे ताझगी बनाये रखतें है?

दिव्यांश : देखिये.. कहा जाता है कि इस दुनिया में केवल सात फिक्शन कहानींया हो सकती हैं। लाखो कहानीयां और फिल्में बनती है। ज़ाहिर सी बात है, कहीं ना कहीं कुछ सिमीलारिटीझ ज़रूर होंगी। लेकिन आप के कहानी कहने का तरीका अलग हो सकता है। आप अपनी कहानी किस तरह बयान करते है उस पर बहोत कुछ निर्भर करता है। अपने आप को अपडेटेड रखना बहोत जरुरी है। कहानी में ताज़गी रखने के लिये, स्पोर्ट्स, पोलिटीक्स, मुवीझ आदी दुनिया की लेटेस्ट खबर रखना बहोत जरुरी है। अपडेटेड रहने से माहौल समझ आता है और उस हिसाब से फ्रेश कहानी सोची जा सकती है।

सवाल - ८) राजुल : लीखना और फिल्म मेकींग दोनों ही कला के ही दो प्रकार हैं, माध्यम हैं.. तो इन दोनों माध्यमोंमें मीलते मुआवजेमें ईतना अंतर क्युं?

दिव्यांश : शायद इसलिये क्योंकि एक राइटर आईसोलेशन में काम करता है, अकेला और एक डायरेक्टर १५०-२०० लोगों को हेन्डल करते हुए उस कहानी को जिंदगी देता है। लेकिन मैं ये भी मानता हुं की अगर हमारे कन्टेन्ट का लेवल उपर जाना है तो हमारे राइटर्स को हमें सशक्त करना होगा। वोह ज्यादा डिझर्व डेफीनेटली करते है।

सवाल - ९) राजुल : लेखन और फिल्म मेकिंग ईन दोनों चीझों को आज से कुछ समय पहेले तक सम्मान की नजरों से नही देखा जाता था.. आज सीच्युएशन पूरी तरह बदल गई है.. आपके विचार..

दिव्यांश : मैं इसका श्रेय करण जोहर जैसे डायरेक्टर्स को देता हुं। जिन की वजह से लोग डायरेक्टर्स को जाने लगे। पहले राइटर डायरेक्टर का कुछ किसी को पता नहीं होता था। अब स्टार्स के अलावा लोग फिल्म मेकर्स के भी फॅन्स होने लगें है। इससे अलग ही लेवल का प्रोत्साहन मिलता है इसमें कोई शक नहीं।

सवाल १०) राजुल : माईक्रोफिक्शन कहानी प्रकारमें ड्रामा, ट्विस्ट और अंतमें चोट मुख्य घटक है.. यही शोर्ट फिल्म के भी मुख्य घटक हैं.. तो ईस हिसाबसे माईक्रोफिशन कहानियां शोर्ट फिल्म्स के लीये बीलकुल सही ओप्शन है ऐसा कहा जा सकता है.. आपकी राय क्या है?

दिव्यांश : मैं आप की बात से बिल्कुल सेहमत हुं। मै तो कहूंगा.. अगर आप मेरे लिये कुछ माईक्रोफिक्शन कहानीयां अरेंन्ज कर शकें, मैं उन पर शोर्ट फिल्म जरूर बनाना चाहुंगा।

सवाल - ११) राजुल : अगर फिल्म को ध्यानमें रखकर ही कहानी लीखनी है तो शूरू से क्या सावधानी रखनी चाहीये?

दिव्यांश : ऐसे तो कई चीझें है क्रियेटीव लेवल पे। लेकिन मेरे लिये बझेट सबसे बड़ी चीझ है। मैं अपनी फिल्मों के प्लोट, लोकेशन, कॅरेक्टर्स, फिल्म बजेट के फिसाब से लिखता हुं।

जैसे मुझे पता है मेरे पास यह घर एक लोकेशन हे तौर पर अवेलेबल है, मैं उस घर के हिसाब से कहानी लिखुंगा! इन शोर्ट.. खर्चा दिमाग में रखते हुए।

सवाल - १२) राजुल : आपकी कहानीयां और फिल्मों के बारे में कुछ बताईये..

डिव्यांश : हमने एक शोर्ट फिल्म बनाई थी, 'लल्लन फ्रोम अलाहाबाद'.. वोह इस साल फिल्मफेयर अवोर्ड्स में नोमिनेट हुई थी। पीछले महिने हमनें एक और शोर्ट फिल्म रिलिझ की, 'जिहाद है', उसे बहोत प्यार मिला. २८ मिलीयन व्युझ ६ दिनों में फेसबुक पर.. जिहाद है हमने 'फक्र है' के बाद बनाई थी.. 'फक्र है' भी काफी वाईरल हुई थी इन्टरनेट पे.. फिर हमारी एक और शोर्ट फिल्म जो बहोत वाईरल हुई थी, 'तुम हो तो हम है'.. यह फिल्म इन्डियन आर्मी को एक ट्रीब्युट थी। सब से खुशी की बात यह थी की महानायक श्री अमिताभ बच्चनजीने उसकी तारीफ करके ट्वीट किया था.. और भी शोर्ट फिल्म है, उसके लिये आप सब युट्युब पर WILD BUFFALOES ENTERTAINMENT को सबस्क्राइब करें।

Divyansh Pandit, Founder, Wild Buffaloes Entertainment

M: (+91)- 9920928879, Email: divyanshpandit.wb@gmail.com

# ૧) રોટલો - સંજય ગુંદલાવકર

સાવ સહજ સુંવાળા હાથો વડે ભીખલાએ મને ભીંતે ચીતર્યો,"તેં આ શું દોર્યું?" મા મલકાઈ.
ભીખલો ખભા ઉલાળતા બોખલું હસ્યો,"મા..એ રોટલો છે. તું'ય અહીં આવ. ચલ આને ખાઈએ."
"એ રોટલો નથી." માની આંખો છલકાઈ,"કોઈ પૂછે તો કહેજે કે, મારો દોસ્તાર છે."
"પણ, તું મારા દોસ્તારને ભૂંસી તો નહીં નાંખે ને?" ભીખલાએ કબૂલાત માંગી.
"ના... ના, નહીં ભૂંસું."

પોતાની કાલી ઘેલી ભાષામાં પછી તો બધાય ટાબરિયાંથી એણે મારી ઓળખાણ કરાવી.
ગીધડાની ચીખો સંભળાવા લાગી છે. અઠવાડિયાથી ભીખલાએ, કે માએ કંઈ જ ખાધું નથી. ભીખલો મારી પાસેથી હટ્યો નથી. હું ભીખલાની આંખોમાં જીવી રહ્યો છું. મા મને જોઈ રહી છે.

# ૨) બી કેરફૂલ..હાં! - અજય ઓઝા

તોયે.. આ વરસાદ સમજતો જ નથી ! જોકે એમાં એનો શો વાંક ? હું ને તું મેઘ સાથે સંદેશાઓ મોકલવાનું ને ઉકેલવાનું તો ક્યારનુંય બંધ કરી ચૂક્યા છીએ ને! આપણે જ એને હવે નથી સમજતા તો એ આપણને શું કામ સમજે?

એકલો પલળું તો છીંકાછીંક કરતું નાક નીતરે છે, ને કોરો રહું તો આંખ! તને તો આ વરસાદ ક્યારેય પજવી શક્યો જ નહિ હોય ને! તું તો ઉલટાની ત્યાં દૂર ઊભી ઊભી મારી મજાક ઊડાડતી રહેતી હોઈશ. આવું જ થાય છે, કાગડાને રમત થાય ને દેડકાનો જીવ જાય.. તે આનું નામ. જો કે આમ પણ મારે વરસાદમાં હવે નહાવું હોતું નથી. વરસાદનો તો હવે એક છાંટોય મને સહેજ પણ રોમાંચ કેમ નહિ આપી શક્તો હોય? મારા અંદરની લાગણીઓ ખૂટી પડી હશે? કે બહારના વરસાદ સામે અંદરનો વરસાદ ડૂકી ગયો હશે?

તને ખબર છે? હવે તો વરસાદ આવે કે તરત જ સમજણની કાળી છત્રીઓ ખોલીને હું બેસી જાઊં છું!

ભલે ચોમાસાઓ આવે ને જાય. ધોધમાર વરસાદ આવે ને જાય. પણ આ દેડકાભાઈ ફરી કોઈ કાગડાભાઈનું રમકડું બની ન જાય એ માટે છત્રીની બહાર નીકળવાના નથી જ હો!

હેય.. જોજે હો; બી કેરફૂલ, ક્યારેક કોઈ બળૂકા વાવાઝોડામાં વરસાદની તોફાની હવામાં જો આ 'છત્રીઓ' જ કાગડો થઈ જશે ને... તો...? ત્યારે હાલ તો દેડકાભાઈના જ ભૂંડા થવાના ને! પ્લીઝ, બી કેરફૂલ..હાં!

# ૩) મહોરું - પાર્મી દેસાઈ

અન્ય એક સેવિકા એનો હાથ પકડીને આશ્રમના છેવાડાના કક્ષમાં લઈ ગઈ.

"નસીબ માન કે હજુ તને આવ્યે માંડ બે દિવસ જ થયા છે ને બાપુએ તારા પર કૃપા વરસાવવાની ઈચ્છા કરી.."

"પણ આ કક્ષ તો..."

સફેદ ચાદર આચ્છાદિત પલંગ અને ફુલોથી સજેલો રૂમ જોઈ કુંતલના પેટમાં શૂળ ઉપડી. સેવિકા કુંતલના હાવભાવ જોઈ સહેજ પીગળી અને અસલ સ્વભાવે આવીને બોલી; "કોઈને ચહેરો નથી કુંતલ, મ્હોરાં પાછળનો પુરુષ વાસના ભૂખ્યો જ હોય...ભલે પછી એ સંસારી હોય કે પછી આવો ઠગી સન્યાસી." સેવિકાની વેદના સ્પષ્ટ જોવાતી હતી.

સત્સંગ પત્યા પછી બાપુ કૃપા વરસાવવા આશ્રમના છેવાડા તરફ વધ્યા. કુંતલનું નખશિખ રૂપ જોઈ બાપુની આંખોમાં વાસનાનો જ્વાળામુખી ફાટ્યો.

* * *

મોટા સાયરન સાથે એમ્બ્યુલન્સ આવી. પેલી સેવિકા મનોમન કુંતલની દયા ખાતી તેણે સ્ટ્રેચર તરફ દોટ મૂકી. તેના પગ થંભી ગયા.. લોહીલુહાણ બાપુની એમ્બ્યુલન્સ આગળ અને પાછળ બીજી સાયરન વાળી ગાડીમાં કુંતલ નીકળી.

સેવિકા કુંતલને બૂમ પાડે ત્યાં અવાજ આવ્યો... "મેડમ અભી ડ્યુટી પર હૈ... બાદમેં મિલના."

# ૪) જિજીવિષા - સંકેત વર્મા

યુદ્ધકેદીઓના એ કૅમ્પમાં થઈ રહેલી ગુસપુસમાં મેં સાંભળેલું,"જો તમે મેડિકલ પ્રયોગોમાં ભાગ લેવા તૈયાર થઈ જશો તો બચી જશો..."

મને અલગ બૅરેકમાં લઈ જવામાં આવી. ત્યાં મારા જેવી કેટલીય સ્ત્રીઓ હતી. અમારા પર વંધ્યીકરણના પ્રયોગો કરવામાં આવતા. દરરોજ ગુપ્તાંગમાં જલદ પ્રવાહી નાખવામાં આવતું. પ્રયોગમાં બિનઉપયોગી લાગતી અમુક સ્ત્રીઓને મોતની તારીખ પહેલેથી જ કહી દેવાઈ હતી અને એમના માસિકચક્ર પર મૃત્યુના તણાવની અસરોનો અભ્યાસ થતો હતો! કેટલીય સ્ત્રીઓ ઇન્ફેક્શનથી મરી જતી. અને જે બચી જતી એના પર બળાત્કાર કરીને વંધ્યીકરણની અસરકારકતા તપાસવામાં આવતી. ગૂંગળાવી નાખતી બૅરેકમાં અમે હંમેશા અર્ધનગ્ન પડ્યા રહેતાં. બહુ ભયાનક હતું આ બધું અને આ બધાંથી પણ ભયાનક હતી અમારી હયાતી, અમારી જિજીવિષા!

એક દિવસ મને એક અલગ રૂમમાં લઈ જવાઈ. એક ડોક્ટર અને કેટલાક અફસરો હતા. એક અફસર મને ખેંચીને બાજુની કેબીનમાં લઈ ગયો અને ધક્કો મારી મને બેડ પર ફેંકી દીધી. એ મારા શરીરને ચૂંથતો રહ્યો, હું કણસતી રહી...

બૅરેકમાં પાછા જતાં જતાં કેબીનમાંથી મેં ઊઠાવી લીધેલી ઇંજેક્શન સિરિન્જ મારી જિજીવિષાને પડકાર ફેંકવા લાગી.

## ૫) ઊંજણ - ભારતીબેન ગોહિલ

કુંતલ ફોટો ધરીને બોલેલી, "જુઓ, આપણા દીકરા... તેનો પરિવાર ને મસ્ત મજાનો દરિયાકિનારો."

'દીકરા અને વહુઓ..ફોટામાં જોતા તો આંખોને ટાઢક આપે પણ સંબંધની વાતે હૈયું ચીરી નાખે એનું શું?' મારાથી મનોમન બોલી જવાયું. કુંતલતો તેની મસ્તીમાં જ હતી. કહે, "મેં તો એકેએકના ચહેરા જોયા..કેવા ખીલેલા છે નહીં?"

"કોઈને ચહેરા નથી કુંતલ. મહોરા પાછળ રહેલી સ્વાર્થવૃત્તિ તને નથી દેખાતી?" મેં જવાબ આપ્યો.

બે ઘડી મૌન છવાઈ ગયું. હીંચકાનો કિચૂડ..કિચૂડ.. અવાજ પણ તેલ ઊંજવાની સાથે જ બંધ થયો.

“સંબંધોને પણ ઊંજણની જરૂર હોય છે કાન્તિલાલ!" કુંતલનુ આ છેલ્લું વાક્ય મારો જીવનમંત્ર બની ગયું. પણ ખરું કહું?

હું નથી જાણતો. એનાથી મારા મૂરઝાયેલા સંબંધો તાજા થશે કે પછી મને જ મૂરઝાવી નાખશે..ધીમે..ધીમે...

## ૬) સ્પર્શ- નિમિષ વોરા

મને હતું કે હવે આંખ ખુલશે તો સ્વર્ગના દ્વાર સામે જ.. પણ ના, ફરી એ જ અંધારું.. કેટલા કલાકો ગયા હશે? કે દિવસો? એક એક ક્ષણ યુગ જેવી લાંબી..

જેટલું જોર હતું એટલું એકઠું કરી બૂમ પાડી, “હેલ્પ.. હેલ્પ.. હેલ્પ..” પાછો આવ્યો માત્ર પડઘો..

“હરી કાકા.. હરી કાકા? એ.. ગયા..?"

સાવ બાજુમાં રહેવા છતાં આજે પહેલીવાર અમે આટલી વાતો કરી હશે. અલબત્ત મોટા અવાજે, પણ એમણે કહેલા છેલ્લા શબ્દોમાં આટલા શારીરિક દર્દમાં પણ ક્યાંક ખુશી છલકાતી હતી,“તારી આંટી યાદ કરે છે, જલ્દી આંખ મીંચાય બસ..”

આહ.. તેમનું તો ત્યાં પણ કોઈ રાહ જુએ છે અને મારું..? કહેવાય છે છેલ્લી ઘડીઓમાં હંમેશ પ્રિય વ્યક્તિનો ચહેરો દેખાય.. એટલે જ મને તેનો ચહેરો..?

પણ એ તો ઠુકરાવીને ગયો હતો ને? પોતાનું પેશન શોધવા.. મળ્યું હશે? હજુ એવો જ લાગતો હશે? ઉફ્ફ.. છેલ્લી ઘડીઓમાં પણ આવા વિચારો આવે છે? મારો પગ.. મારા પગ.. કેમ કશું અનુભવાતું નથી? ઓહ.. બસ.. આજ છેલ્લી ઘડી.. અની.. અની.. અને આંખ મીંચાતી રહી..

આ અવાજ? આ ધ્રુજારી? ફરી એકવાર? ના, આ તો કોઈ મશીન. ઓહ ભગવાન કેટલી પરીક્ષા કરવાનો છે? ઓહ, આ અજવાળું? સ્લેબ્સ હટે છે?

“ડૂ ઈટ ફાસ્ટ, અહીંથી જ મદદ માટેની બૂમ આવેલી, આઈ એમ સ્યોર..”

આ અવાજ તો.. મારો અની..?

“સર, મેડમનો ફોન છે..”

“ટેલ હર યાર આઈ એમ બીઝી, વિલ કોલ હર લેટર.”

પગમાં સ્પર્શ અનુભવાયો, આંખો ફરી મીંચાતી રહી..

## ૭) પીડા - ધવલ સોની

બેગ મૂકતી વખતે ટચલી આંગળી ફસાઈ જતાં હળવી ચીસ ફૂટી આવી. મનમાં હતું કે આશ્કા દોડતી આવશે પણ...

પહેલાં તો સહેજ તાવ જેવું લાગે કે આશ્કા ધાબળો લઈને ભેટી પડતી. સંબંધોનો એ ગરમાવો હવે મૌનની માવજત પાછળ ઠંડો પડી ગયો હતો. સફરનો રોમાંચ જવાબદારીઓ નીચે ચગદાઈ જવાના ડરથી આશ્કા ઉબાઈ રહી હતી.

બે ત્રણ વાર વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો પણ દરવખતે ગાયબ થઈ ગયેલી નિખાલસતા માત્ર ખાઈ વધારવાનું કામ કરતી. નામ વગરના સંબંધને આકાર આપવા માટે આશ્કા તૈયાર નહોતી. પોતાના શરીરની ચિંતા કરતી આશ્કા નવા શરીરની જવાબદારી લેવામાં ડરતી હતી.

દરવાજો બંધ કરતી વખતે વિચાર આવી ગયેલો કે આશ્કા હમણાં પાછો બોલાવી લેશે. બંને વચ્ચેની આગ કાલે ભડકો થઈને વરસી ત્યારે જ નિર્ણય લેવાઇ ગયેલો કે લીવ ઇન રિલેશનશીપ પૂરી કરીને તે આવતીકાલે નવા પ્રવાસે નીકળી પડશે. આજે સવારે આશ્કા "બાય" કહ્યા વગર જ બાથરૂમમાં દોડી ગયેલી. ગાડીમાં બેગ મૂકતી વખતે તેનું ધ્યાન દરવાજા પાસે આવી પહોંચેલી આશ્કા પર પડ્યું. મૌનાવસ્થામાં ઉભેલી આશ્કાની આંખમાં પહેલીવાર અજીબ ચમકારો જોવા મળ્યો. આંખમાં તરવરી રહેલી ભીનાશ જૂના સંબંધોને નવું રૂપ આપવાનો જાણે પ્રયાસ કરી રહી હતી. બંનેની આંખ મળી, આશ્કાનો હાથ અજાણપણે પોતાના પેટ પર ફર્યો ને ટચલી આંગળીએ ક્ષણભરમાં વર્ષોની પીડા ભૂલાવી દીધી.

## ૮) અલાર્મ - મીરા જોશી

અલાર્મ વાગ્યું.

બારી બહાર મળસ્કાના આકાશને તાકી રહેલી બે જાગતી આંખોની તંદ્રા તૂટી. ને તેનાથી અનાયાસ બાજુના ખાલી પડખે જોવાઈ ગયું, જ્યાં મૃત સૌભાગ્યના ડૂસકાંઓ હજુ પણ શ્વાસ લેતા હતાં.

એના માથા પર હળવું ચુંબન કરી તેણે મલકાતા ચહેરે અલાર્મ બંધ કર્યું અને બંને માટે ટીફીન બનાવવા ઉઠી.

સાત વાગ્યે..

તે નહાવા માટે ગઈ, તુરંત વિનય તેની પાછળ ધસી આવ્યો, વરસતા પાણીમાં બંનેની રાત ધોવાતી ગઈ અને નવી યાદોની કુંપળ ફૂટી.

આઠ વાગ્યે..

વિનયને ટાઈ બાંધતી વખતે અચાનક ડોરબેલ રણકી.

દૂધ લઈને તે રૂમમાં પ્રવેશી અને વિનયનું નિશ્ચેતન શરીર..!

એક ચીસ અને.. બધું જ સ્તબ્ધ..

ફરી એલાર્મ વાગ્યું.

બારી બહાર મળસ્કાના આકાશને તાકી રહેલી બે જાગતી આંખોની તંદ્રા તૂટી ને તેનાથી અનાયાસ બાજુના ખાલી પડખે જોવાઈ ગયું, મૃત સૌભાગ્યના ડૂસકાંઓ અવિરત ચાલુ હતાં.

સ્થિર સમયને ઢંઢોળવા મથતું, કોઈના 'જાગવાની' રાહ જોતું અલાર્મ અણરોક વાગે છે, વાગી જ રહ્યું છે..

## ૯) અવતાર - નીવારોઝીન રાજકુમાર

હાથનો ચૂડો ધીમેથી ઉતરી પર્સમાં ગોઠવાઈ ગયો. દદડીને કપાળ સુધી આવેલો સિંદૂરનો રેલો હળવે હાથે રુમાલથી ઘસાઈ ગયો. કચકચાવીને બાંધેલા વાળ ખુલીને હવામાં ફરફર થવા લાગ્યા. સમર કોટ ઉતરે એમ ઉતરતી લાંબી કુર્તી નીચેના નાનકડાં ટોપથી ખભા સુધીના ગોરા હાથ ટ્યુબલાઈટની જેમ ઝળહળી ઉઠ્યાં. શુષ્ક હોઠો પર લિપસ્ટિકની લાલી બીછાઈ ગઈ. ક્રીમ હથેળીઓ પર ફરી વળ્યું અને ડીઓની સુગંધ સુમનના નાક પર ધસી આવી.

સુમન વિસ્ફારિત નજરે એ હલચલ જોઈ રહી.

આ સ્ત્રી હવે જાણે એક નવો જ અવતાર! ઘર બહાર નીકળીને આવું કરવાનું? સારું ન કહેવાય.

"આજની મીટીંગ સફળ જ થશે. પ્રેઝન્ટેશન સરસ બનાવ્યું છે. ચિંતા ન કરો." ફોન કાપતા એક સ્મિત છવાયું.

રમકડાંના ફેરિયાનો અવાજ આખા લેડીઝ ડબ્બામાં ફેલાયો. પેલી સ્ત્રીએ ભાવતાલ કરી કંઈક લીધું. વાંસની થાળી પર શાકભાજીની ઢગલીઓ લઈને ફરી રહેલી સ્ત્રીને છ અઢારની લોકલમાં ફોલેલા વટાણા આપવા મરાઠીમાં સુચના પણ અપાઈ ગઈ.

"હા, મમ્મીને વીશ નથી કર્યુ. આપણે પાંઉભાજીની સરપ્રાઈઝ પાર્ટી આપીએ. આજે સાંજે જલ્દી નીકળીને સિદ્ધિ વિનાયક લઈ જઈશ. ચિંતા ન કરો." ફોન કાપતા એક સંતોષ છવાયો.

મસમોટું પ્રશ્નાર્થ આંખોમાં આંજી સુમને વિભા તરફ જોયું.

"સુમન, દરેક સ્વતંત્ર સ્ત્રીને બે પડછાયા હોય છે. કામ અને ઘરકામના અજવાળા-અંધારામાં એ પડછાયા લાંબા ટૂંકા થતા રહે છે."

સુમન હવે એ સ્ત્રીની પ્રશંસક હતી. મમ્મી વિભાની પણ.

# ૧૦) સજા - જીજ્ઞેશ કાનાબાર

શ્રીમાન પારકર,

એક સજા ભોગવેલ ગુનેગાર પર વિશ્વાસ કરી અને વગર ઓળખાણ આ ઘર ભાડે આપવા બદલ આપનો ખુબ ખુબ આભાર... આપના પત્ની અને પુત્રના આકસ્મિક મૃત્યુ તથા આપની નાદુરસ્ત તબિયત વિશે જાણી દુઃખ થયું. એકલતાની વેદનાનો હું પણ અનુભવ કરી રહ્યો છું, જીવન જાણે એક સજા બની જાય છે અને આ જગત એક કેદખાનું. આપણા ઘરની સાફ સફાઈ કરતાં જર્જરિત અવસ્થામાં પતરાની એક પેટી મળી છે.. એક અંદાજથી એ ભુલાઈ ગઈ હશે એવું અનુભવ્યું.

માફ કરજો.. પરંતુ, ઉત્સુકતાવશ એ તપાસતાં એટલું સમજાયું કે એ "યાદોની પેટી" છે.

તેમાં રહેલાં આપનાં અમુક અંગત પત્રો, દાક્તરી અને કાયદાકીય તપાસનાં કાગળોએ એ પણ સમજ આપી કે આ પેટી અહિં ભૂલાઈ નથી.

આ સાથે આ પેટી આપને પરત મોકલી રહ્યો છું. આ યાદોને સાચવવી મારા માટે અશક્ય છે.

માર્થા અને પીટરના મૃત્યુને લીધે આપના જીવનમાં સર્જાયેલ શૂન્યાવકાશ અહીં પણ અનુભવાય છે. આપને મળેલી આ સજા મેં ભોગવેલી પંદર વરસની કાયદાકીય સજા કરતાં વધુ યાતના ભરી છે..

આપને મળેલી આ સજા ભોગવવામાં મને પણ સહભાગી બનાવો એવી પ્રાર્થના સહ..

- ડેવિડ

(ઓનર ઓફ બ્લેક ફિયાટ એન.વાય- ૨૪૬ - ૫૨ - ૧૯૮૦)

# ‘સર્જન’નું માઈક્રોફિક્શન અને માઈક્રોફિક્શનનું સર્જન - પ્રજ્ઞા પટેલ

સાહિત્ય એ વિરાટ દરિયો, વિશાળ અવકાશ અને ખળખળ અવિરત વહેતી સરિતા.. અનેક સ્વરૂપોના માધ્યમે સાહિત્ય પ્રગટે છે. વિવિધ સ્વરૂપોમાં વિકસતા સાહિત્યમાં પણ સમય સમયે અનેક પરિવર્તનો, પ્રવાહો સાથે નાવીન્ય અને નવી તાજગી આવતાં જોવા મળે છે. આજના સમયમાં સાહિત્યનો વ્યાપ જુદી રીતે પણ ખૂબ વિસ્તર્યો છે. આજની નવી પેઢી સાહિત્યને જુદી રીતે જોતી, સમજતી અને પ્રગટાવતી પ્રવૃત બની છે. એ સર્જનની દિશામાં સક્રિય બની છે, અલબત્ત બહુ જૂજ રીતે, પણ આ આનંદની વાત બને છે.

માઈક્રોફિક્શન સ્ટોરી- આમ તો ‘માઈક્રોફિક્શન’માં વાર્તા આવી જ જાય છે, છતાં સ્પષ્ટતા માટે એ બે શબ્દ સાથે ઠીક રહે. આજનું આ સ્વરૂપ હાલમાં ચર્ચામાં છે, સર્જનમાં છે અને વાંચનમાં પણ છે. એણે ઘણાંને- યુવા પેઢીને- નવલેખકોને લખતા કર્યા છે, આકર્ષ્યા છે. ત્યારે સહજ થાય, શું છે આ માઈક્રોફિક્શન?

સરળ- સહજ સમજ સાથે કહી શકાય, નવલકથાનું ટૂંકું સ્વરૂપ તે વાર્તા, વાર્તાનું ટૂંકું રૂપ તે લઘુકથા અને હવે લઘુકથાનું ટૂંકું રૂપ અથવા તો તેની સમાંતરે કે તેનું વધુ આધુનિક સ્વરૂપ તે માઈક્રોફિક્શન વાર્તાસ્વરૂપ. આ સાહિત્ય સ્વરૂપ મૂળ વિદેશી- અંગ્રેજી સાહિત્યમાં રચાતું રહ્યું, અને એ પ્રભાવમાં ગુજરાતીમાં પણ ઘણા એ સ્વરૂપમાં લખતા- કામ કરતા થયા. ઈટાલી, અમેરિકા, યુરોપ, જાપાન વગેરે દેશોમાં તે પ્રચલિત છે. ગુજરાતીમાં આજકાલ તેની બોલબાલા સંભળાય છે. એ રીતે કે આજની નવી પેઢી એવી ટૂંકી ટૂંકી વાર્તાઓ રસથી લખે છે, પ્રકાશિત કરે છે, ઇ-માધ્યમના ઉપયોગથી તેની ચર્ચાઓ પણ કરે છે અને એક ઇ-સામયિકનું હોંશભેર સંપાદન પણ કરે છે. ભલા, આ બોલબાલા જ કહેવાય ને!

આજથી ત્રણેક દાયકા પૂર્વે લઘુકથાની આવી બોલબાલા હતી. ઘણા લેખકો લઘુકથાઓ લખતા હતા, આજે પણ લખે છે. લઘુકથા હજુ આજે ય લખાય છે. લઘુકથા માટે ચમત્કૃતિ- અંત મહત્વના બની રહેતા. વાર્તા માટેનાં જરૂરી તત્વો લઘુકથા- માઈક્રોફિક્શન- બંનેમા જરૂરી તો ખરા જ. પણ જરા નોખી રીત, રજૂઆત જુદી, લાઘવ અને બીજા તત્વો ઉમેરાયા. તે કદાચ ચોંટડુકતા, કટાક્ષ-વ્યંગ, ક્યાંક ઠપકો કે ઉપહાસ-ઉપાલંભ, સંવેદના-લાગણી તો ખરા જ ખરા. પણ લઘુકથા અહીં વધુ સૂક્ષ્મ રીતે લઘુ બને છે.

આમેય આજનો જમાનો માઈક્રોનો છે. મેડિકલ ક્ષેત્રમાં હવે અનેક શાખાઓ- ડૉક્ટર્સ.. ત્યાં જેમ માઈક્રો.. તેમ સાહિત્યમાં પણ. ઝીણી આંખે, જાગતી કલમે (સોરી, હવે કી બોર્ડ પર) ઓછામાં ઓછા શબ્દોમાં વાર્તા મૂકવાની. એ વાર્તા (ભલે નાની-ટચુકડી) તો બનવી જ જોઈએ, વાંચનારને સીધી-સોંસરવી ઊતરવી પણ જોઈએ.

આપણે ત્યાં બોધકથાઓ, નાની પુરાણકથાઓ, દંતકથાઓ, ઝેન કથાઓ, પંચતંત્રની કથાઓ વગેરે પ્રચલિત હતાં. વર્ષો પહેલાં ઝેન કથાઓનું એક પુસ્તક વાંચેલું, તે યાદ આવે છે. મેં ઘણી લઘુકથાઓ લખી છે, ૧૫-૨૦ વર્ષ પહેલાં, ઘણાં સામયિકોમાં તે પ્રકાશિત પણ થઈ હતી. એ સ્વરૂપ સાથે કામ કરવાનો, સમજ પાકી કરવાનો રસ કાયમ રહ્યો છે.

પહોળાપટે વાત આલેખવાની નથી. વર્ણન માટે અવકાશ નથી.

કલમના લસરકે તમારે પાત્ર, સ્થળ, પડકાર, સંઘર્ષ, પ્રેમ, વ્યથા, મનોભાવો વગેરે બધું જ આલેખવાનું છે. જે વાત કરો તેના સાવ ઓછા શબ્દોમાં સંદર્ભ પણ મળી રહેવા જોઈએ. બધું સાવ અદ્ધરતાલ ન લાગવું જોઈએ. ગતિ તો અપેક્ષિત અહીં પણ છે, અંત તરફની અને વાર્તા બનવા તરફની.

છ જેટલા સાવ ઓછાશબ્દોથી લઈને એકાદ નાના ફકરા જેટલી અને ત્રણસોથી પાંચશો શબ્દો સુધી માઈક્રોફિક્શન વિસ્તરી શકે છે. લંબાઈ-ટુંકાઈ કરતા જે વાત-વાર્તા મૂકાય છે, જે રીતે મૂકાય છે એમાં રજુઆત, શબ્દ પસંદગી, પાત્રનો સંવાદ, ક્યાંક ઝીણી કે જાડી ઘટના.. શૈલી અને અંતને આધારે તે સારી, સંવેદનાક્ષમ અને સફળ માઈક્રોફિક્શન વાર્તા સિદ્ધ થાય છે. એકલા લાઘવને કારણે તે નથી જ સિદ્ધ થઈ જતી એટલે સાવચેતી જરૂરી, શબ્દાડંબર જરાય ન ચાલે. સ્વરૂપ વિશેની સમજ - સજ્ઞતા ન હોય એ પણ ન ચાલે. એ એક સાહિત્યનું સ્વરૂપ છે. એ સમજ પાક્કી બેસવી જોઈએ. એટલી સજ્ઞતા ન હોય તો સાવ ટુચકા જેવી માઈક્રોફિક્શન વાર્તાઓ આપણને નિરાશ જ કરે.

સાહિત્ય ટકોરાબંધ તો જોઈએ જ જોઈએ. આ સ્વરૂપને પણ સર્જકે આખર સિધ્ધ કરવાનું છે. માટે સભાન પ્રયાસો જરૂરી બની રહે છે.
આજે લખાતી માઈક્રોફિક્શન વાર્તાઓ બધી રીતે જોઈએ તો પૂરી સિદ્ધ નથી થતી. પણ આગળ જતાં જરૂર સારી વાર્તાઓ નીપજી આવશે એવી આશા રહે છે.

'સર્જન'ના મિત્રોને અઢળક અભિનંદન અને શુભેચ્છાઓ. તમે સાહિત્ય સાથે કામ કરો છો એ મોટી વાત છે. માઈક્રોફિક્શન વાર્તા ઓ વ્યાપક રૂપે એક સ્વરૂપ તરીકે સ્વીકાર પામે એ માટે હજુ પંથ કાપવાનો છે.

શુભેચ્છાસહ આભાર.

## ૧૧) જીવ - મીનાક્ષી વખારિયા

હવે બચ્યા-ખૂચ્યા શ્વાસ ડચકિયા લઈ રહ્યા છે. આપ્તજનો મારી અંતિમક્રિયાની તૈયારીમાં પણ લાગી ગયા હશે. તોયે હું હજી અગતિયાની જેમ આઈ.સી.યુ.ના દરવાજા તરફ મીટ માંડી રહ્યો છું. મારું દિલ કહે છે કે મારી હાલતના સમાચાર તારા સુધી પહોંચ્યા જ હશે. તું આવ્યા વગર નહીં રહે એની મને ગળા સુધી ખાતરીયે છે. બહુ થયું હવે, મારી અંતિમ ઇચ્છાને માન આપી આવી જાઓ એટલે તમારા બંનેની તસવીર આંખોમાં ભરી નિરાંતે વિદાય લઉં. મન થતું કે મોબાઈલથી તારી સાથે વાત કરી લઉં પણ તું મારો ફોને ઉપાડે જ નહીં તો? આમેય આઈ.સી.યુ.માં મોબાઈલ રાખવા નથી દેતા. વળી મારામાય ક્યાં ફોન પકડવાની કે વાત કરવાની તાકાતેય હતી?

મારી પત્ની અને પરિવારજનો બહુ જ પ્રેમથી મારી સેવા કરે છે. બસ..તું નથી, એ ખાલીપો જીરવાતો નથી. તારી ખોટ પડી છે ત્યાં પસ્તાવાએ અડિંગો જમાવી દીધો છે. આપણી નિર્દોષ મિત્રતાનો, ક્ષણિક શારિરીક મોહે ક્યારે છેદ ઉડાડી દીધો ને આપણે અક્ષમ્ય ભૂલ કરી બેઠા. એ ભૂલનું પરિણામ ભોગવવા સમાજની સામે થવા તું તૈયાર હતી પણ હું નપાણિયો મારા માતાપિતાએ કંડારેલી મારા જીવનની રૂપરેખામાં સમાઈને રહી ગયો. હરફ સુધ્ધાં ઉચ્ચારી ન શક્યો. એ ગુનાનો ભાર વેંઢારી થાકી ગયો છું. ખરા દિલથી મારે તારી માફી માંગવી છે. ઘણીવાર તારો સંપર્ક કરવાની કોશિશ કરી પણ તે તારાં મનનાં કમાડ એવા સખત્ત ભીડી દીધેલાં કે મારો એક નિ:સાસો પણ અંદર પ્રવેશી ન શક્યો.

***

મારી અંતિમયાત્રાની તૈયારી ચાલી રહી છે. મારી નજર ટોળામાંથી તમને શોધવા ફરી વળી છે. માંડ તું દેખાઈ, આપણાં બાળકને વળગીને તું ઊભી હતી. તારી આંખોમાં બાઝેલો ભેજ મને દેખાયો ને મારો જીવ ફરી સળવળી ઉઠ્યો.

# ૧૨) પાઠ - લતા સોની કાનુગા

“આ ઉંમરે તમને શોભે છે આ બધું?”

“કેમ તો તું ને તારી બૈરી છાંકટા બની કલબમાં નાચો છો, એ પણ આધુનિકતાના નામે બૈરાયે બદલો ને ધણીયે બદલો એ શોભે છે?”

સમીર પગ પછાડતો બેડરૂમમાં જતો રહ્યો.

જીવનના પાત્રીસ વરસ એકલે હાથે દીકરાને મોટો કરવામાં કાઢ્યા. એ પોતાની જિંદગીમાં મશગુલ રહેવા લાગ્યો ને ચમનભાઈ એકલા પડ્યા. આ વર્ચ્યુઅલ દુનિયામાં એમને મળી ગઈ એક સાથી. એમની મિત્રતા વધતી ચાલી ને ઘરે આવતી થઈ એ મિત્ર. બન્ને હમ ઉમ્ર, એકમેકમાં લીન એવા કે જાણે ફરી જુદા જ ન પડવાના હોય. સવાર પડે ને બંગલાના બગીચામાં બન્ને લટાર મારતા હોય કે હીંચકે બેસી એકમેકના હાથ જાલી કલાકો સુધી વાતોએ વળગ્યા હોય. કે આંગણામાં મોર ને ઢેલ આવી કળા કરતાં હોય એ જોઈ બન્ને એકમેકની આંખમાં જાણે કશુંક વાંચી લેતા હોય.

ગરાસ લૂંટાઈ જતો લાગ્યો ને વહુનો ચડાવ્યો દીકરો બાપને ન કહેવાના વેણ બોલી ગયો.

છેવટે તેઓ એક નિર્ણય પર આવ્યા.

બીજે દિવસે સવાર પડી ને ઘરમાં બાપાને ન જોયા. એમની રૂમમાં તપાસ કરતા મેડિકલ રિપોર્ટની કોપી હાથ લાગી, એ સ્ત્રીના નામની. છેલ્લા સ્ટેજનું કેન્સર.

બીજે દિવસે વકીલ દ્વારા બાપાની નોટિસ આવી.

# ૧૩) ઠેસ - આરતી આંત્રોલીયા

’’મૌસમ હૈ આશીકાના અય દિલ કહીંસે ઉનકો ઐસેમેં ઢૂંઢ લાના..’’

વરસાદી મૌસમને માણતા પોતાની પ્રિય એવી  ગરમાગરમ કોફીની ચૂસકીઓ લેતો તે બાલ્કનીના ઝૂલા પર હજુ ગોઠવાયો, ત્યાં જ રેડિયો પર આવતાં ગીતના શબ્દોએ તેને દઝાડી દીધો. દૂધનો દાઝયો તે હરેક પગલું બહુ સંભાળીને, સાચવીને ભરવા ગયો તેમાં જ જિંદગીની રેસમાં પાછળ રહી ગયો ને તેને ગમતી પરીને કોઈ બીજું ઉઠાવી ગયું. ત્યારથી તે, તેની કોફી અને તેના જેવો સિંગલ બાલ્કનીનો આ ઝૂલો, બસ પોતાનાં કહી શકાય તેવા આ બે જ બાકી રહ્યા હતાં.

આખરે, ઝૂલાની ઠેસ અને કોફીની વરાળ સાથે ગતિમાન થઈ તેણે સ્મરણોની ગલી-કૂંચીઓમાં ઝંપલાવી જ દીધું. વર્ષો પહેલાં પોતે જેને ચાહેલો તે ચહેરો આજે પણ એવો ને એવો જ હતો. પણ તો પછી, પોતે તેમાં પૂરેલા કલ્પનાના રંગ રૂપી લાલ ચટ્ટક ચાંદલો ને કંકુ પૂરેલી સેંથી ક્યાં? તેણે આંખો ચોળી, ચૂંટી ભરી ખાતરી કરી, હા તે જાગતો હતો..

જીંદગીની ગાડીનું રિવર્સ ગિયરમાં જવું તેને ગમ્યું. તે જાણે હાથ પસારી તેને બોલાવી રહી હતી, અને તે પળનો પણ વિલંબ કર્યા વગર દોડ્યો તેની તરફ. ત્યાં ફરી એક ઠેસ વાગી ને..નતે વિચારી રહ્યો કે ક્યાંય આ સપનું તો નથી ને..

## ૧૪) ખાલીપો - વિભાવન મહેતા

ટ્રેનમાંથી ઉતરી મેં રોજની જેમ ઑફીસ જવા માટે ૯.૪૦ની બસ પકડી. કન્ડક્ટર આવ્યો. મેં કહ્યું,"બે લાલ દરવાજા."

કન્ડક્ટરના ચહેરા પરના હાવભાવ જોતાંની સાથેજ બસનું છાપરું તોડીને મારા માથા પર આભ તૂટી પડયું. 'હા, હવે એ ક્યાંથી હોય?'

મેં કહ્યું," એક...એક લાલ દરવાજા."

ટીકીટ લઈને સીટ પર બેઠો ને હાથમાં પકડેલી એ ટીકીટમાં મધુરીનો ચહેરો ઉપસી આવ્યો અને પછી ટીકીટનો એ લંબચોરસ ટુકડો મને ઘસડીને ભૂતકાળમાં  લઈ ગયો.

હું અને મધુરી સાથેજ ૯.૪૦ની બસ પકડતાં. રોજ મધુરીજ બારી પાસે બેસતી અને રોજ હું જ બે ટીકીટ લાલ દરવાજાની લેતો, ઑફીસ પહોંચીને તરત જ બે મિનિટના અંતરે આવેલી મધુરીની ઓફીસે ફોન કરીને પૂછી લેતો,'પહોંચી ગઈ ને?'

"આ ટીકીટમાં એવું અને એટલું બધું તે શું લખેલું છે?" બાજુમાં બેઠેલી યુવતીએ પૂછ્યું. મેં કહ્યું," કાંઈ નહીં." પછી મેં શોલ્ડરબેગમાંથી એક ઝીપલોંક બેગ કાઢી, તેમાં મુકેલી બીજી અસંખ્ય ટીકીટોની થપ્પીમાં આજની ટીકીટ મુકી દીધી, પછી એક કોરા કાગળમાં ઉપરના ભાગે લખ્યું...

મારી મધુરી,

જત જણાવવાનું તને...

પછી છેક નીચે લખ્યું... તારો (?) અવિનાશ..

યુવતીએ ત્રાંસી આંખે જોયું હશે એટલે પૂછ્યું, "આ વચ્ચે ખાલી કેમ?"

મેં કહ્યું,"એજ ખાલીપો... મારી મધુરી સમજી જશે."

યુવતી બોલી, "મને મારી મોટી બેન યાદ આવી ગઈ. એના લગ્ન અમારા મા-બાપુએ નક્કી કરી દીધાં છે... આવતે મહીને... એ પણ બિચારી ઑફીસ જતી નથી અને બારી પાસે સૂનમૂન બેસી રહે છે." હવે મેં પૂછ્યું," એનું નામ શું છે?" હવે યુવતી ચોંકી ઉઠી,"એનું નામ..."

એ આગળ બોલે ત્યાં તો કન્ડક્ટરની બૂમ સંભળાઈ, "લાલ દરવાજા... છેલ્લું સ્ટોપ."

# ૧૫) ખોખલું - ગોપાલ ખેતાણી

“જો ભઈ, સૂરતમાં એમ્બ્રોઈડરીનું કામ જામી ગયું છે. મારે આમેય કોઈને મેનેજર તરીકે રાખવો પડશે. તું આવતો હોય તો મારા માટે ઉત્તમ.” રોનકનો ફોન મુકાયોને વિનયે સ્વાતિ સામે જોયું.

“કચ્છી બાંધણીઓથી કેટલું કમાઈશું? આમ પણ બે છોકરાઓ મોટા થાય છે. સુરત જવામાં વાંધો નહીં.” સ્વાતિએ વિનયના વિચારો આંખમાં જ વાંચીને ઉત્તર આપી દીધો.

સૂરત અનુકૂળ ન આવે એવું તો બને નહીં. પાંચ વર્ષમાં વિનયને પોતાનો નિર્ણય સાચો થતો લાગ્યો.

પણ અચાનક જ વિનયે એક દિવસ સ્વાતિને જણાવ્યું. “આપણે જેમ સુરત આવ્યા તેમ હવે એક નિર્ણય વધુ લેવો પડશે. ફક્ત એક વાર ચક્કર લાગી જાય તો બન્ને છોકરાઓ અને આપણી જિંદગી સુધરી જશે. પ્લીઝ હા કહેજે. બસ બે–ત્રણ વર્ષની જ વાત છે.”

સ્વાતિ વિનયના વિચારો વાંચવામાં પાવરધી હતી જ!

મુંબઈ એરપોર્ટ પર વિનયને મુકવા રોનક, સ્વાતિ તથા બાળકો આવેલા. “કંપાલા પહોંચીને તરત ફોન કરીશ.” વગેરે શબ્દોએ સ્વાતિની આંખો ભીની કરી. “ચિંતા ન કરીશ દોસ્ત, ભાભી અને બાળકોનું ધ્યાન રાખીશું.” શબ્દોએ વિનયના મનને શાતા પહોંચાડી.

વિનયના રવાના થયા બાદ એક અઠવાડીયામાં જ રોનકે ફોન કરી સ્વાતિને કહ્યું,” ભાભી અમે, મુંબઈ શિફ્ટ થઈએ છીએ. બધું જ મુંબઈ શિફ્ટ કરી નાખ્યું છે. તમને કંઈ પ્રોબ્લેમ હોય તો મને જણાવજો.”

ખોખલા શબ્દોનો ભાર સ્વાતિના કાન પર બહુ વર્તાયો.

“આઈ એમ સોરી ટુ સે, મિસ્ટર વિનય. વધુમાં વધુ બે થી ત્રણ વર્ષ.” ડોક્ટરના શબ્દો હજુ પણ વિનયના કાનમાં ગુંજતા હતા. સ્પિકર ફોન પર સંભળાયેલા આ શબ્દો વિનયની જાણ બહાર રોનકના કાનમાં પણ ગુંજ્યા હતા.

વિનયે મેડીકલ રિપોર્ટ પરથી, સ્વાતિએ મોબાઈલમાં ઝળુંબી રહેલી ભુજની ટિકીટ પરથી અને રોનકે આ સંબંધ પરથી; નજર ફેરવી લીધી.

# આ ક્ષણાર્ધની કળા છે - પ્રીતિ જરીવાળા

સમય ઝડપથી બદલાતો જાય છે. આજની પેઢીનેજે મેળવવું છે એ ઝટપટ મેળવવું છે. પછી એ મનોરંજનહોય કે સફળતા. પાકશાસ્ત્રની વાત કરીએ તો આજે ફાસ્ટફૂડનો જમાનો આવી ગયો. ખેલજગતમાં ક્રિકેટની વાત કરીએ તો પહેલાં પાંચ દિવસની ટેસ્ટ મેચ રમાતી, એમાં પણ એક દિવસ'રેસ્ટ ડે' રહેતો. એ પછી વન ડે મેચ આવી અને તે પછી ૨૦ ઓવરની મેચ. તો આ લાઘવના વહેણથી સાહિત્ય જગત બાકતકેવી રીતે રહી શકે? નવલકથા લઘુનવલ, નવલિકા, ટૂંકી વાર્તા, લઘુકથા અને હવે માઈક્રોફિક્શન લખાતી થઈ છે.

દરેક લખાણ સાહિત્ય નથી કહેવાતું. જેમ વાર્તાના નામે જે લખાય તે જ્યારે ઘટના, પ્રસંગ કે માત્ર બનાવ બની રહે ત્યારે એ વાર્તા નથી બનતી. એ જ રીતે માઈક્રોફિક્શનના નામે જે કંઈ પણ પીરસાય તે સાહિત્ય નથી હોતું. ત્યારે એવો પ્રશ્ન થાય છે કે માઇક્રોફિક્શનને સાહિત્ય કહેવાય? પણ જે ચોટ, તૃપ્તિ, આનંદની અનુભૂતિ એક સરસ વાર્તા વાંચવાથી મળે એ જ અનુભૂતિ માઈક્રોફિક્શન વાંચવાથી મળે ત્યારે એ સાહિત્ય ચોક્કસપણે બને છે.

શેક્સપિયરે કહ્યું છે.. "બ્રેવિટી ઇઝ ધ સૉલ ઑફ વીટ."

જેટલું ટૂંકામાં ટૂંકી રીતે તમારી વાત કહી શકો એટલા તમે વધુ બુદ્ધિશાળી. જેમકે ક્યારેક ત્રણ કલાકના ચિત્રપટ કરતાં પાંચ મિનિટની શોર્ટ ફિલ્મ કે ત્રીસ સેકન્ડની એડ ફિલ્મ વધુ રોમાંચક પૂરવાર થાય છે. એટલે માઈક્રોફિક્શન વધુ ને વધુ લખાવુ જોઈએ અને વંચાવુ જોઈએ.

આ ક્ષણાર્ધની કળા છે. એના લેખકે એકદમ સતર્ક રહેવાનું છે. સારી માઈક્રોફિક્શન લખવી એ બહુ અઘરું છે. પણ મહત્વની વાત એ કે લખવી તો સારી જ લખવી નહીં તો ન લખવી. એવી લખવી કે જે વાચકોને ખરેખર વાંચવી ગમે. બાકી તો સાતઆઠ વાક્ય લખવામાં વાર કેટલી!

'સર્જન' માઈક્રોફિક્શન સામયિક અભિનંદન અને પ્રશંસાનું અધિકારી છે. સાથે જ એના સર્જકોએ એ તકેદારી રાખવી રહી કે એ સાહિત્યિક સામયિક બની રહે.






પેપર પ્લેટ પર લખાયેલ આ વાત

# ૧૬) ટીપ - સુષમા શેઠ

પંચતારક રેસ્ટોરન્ટમાં પાછલા બારણેથી દાખલ થઈ તેણે વેઇટરનો શ્વેત ઈસ્ત્રીટાઈટ યુનિફોર્મ ધારણ કરી લીધો. યુનિફોર્મપર ડાઘ, ધબ્બા ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું પડતું. કેટલીય વાર થતું,'આ નોકરી છોડી દઊં.'

મનમાં પડેલી કેટલીયે કરચલીઓ અને જીવનની કાળાશ મનમાં જ ધરબી દીધી. મ્હોં પર બને તેટલી સ્વસ્થતા અને હસતા હોઠ ચોંટાડી ચુપચાપ તે ગ્રાહકોને સંતોષ પીરસવાની કામગીરી કર્યે રાખતો. બદલામાં મળતી ગાળો, અપમાન, રોષ ગળે ઉતારી જવા પડતા. થાકી હારીને યુનિફોર્મ ઉતારી ઘરે જાય ત્યારે ત્યાં પણ તેવી જ પરિસ્થિતિ.

ફર્ક એટલો જ કે બહાર ટીપ મેળવવા લંબાવેલો હાથ, ઘરે પત્નીના હાથમાં  મૂકવા માટે લંબાતો, અને તે થોડું મલકાતી.

તેને મલકતી જોવાના લોભમાંને લોભમાં તે લાંબો થતો ગયો. પોતાની જાત ક્યારે ટૂંકી થઈ ગઈ તેની ખબર ન પડી.

ઇસ્ત્રીટાઇટ શ્વેત યુનિફોર્મને તેણે જતનપૂર્વક પસવારીને હેંગરમાં લટકાવ્યો, તેમાં ડાઘ ન પડે તે રીતે.

# ૧૭) કૂંપળ - હીરલ વ્યાસ 'વાસંતીફૂલ'

શિખા બાલ્કનીમાં રાખેલા આઠ-દસ કૂંડાને ગોટ મારવા બેઠી. નાની ખૂરપીથી કૂંડાની માટીને હળવેથી ઊંચી-નીચી કરી. માટી ઊંચી-નીચી કરતાં એને લાગ્યું કે એ માટીની અંદર જ ક્યાંક નવી કૂંપળ શોધે છે. બસ દર વખતે નવા-નવા રિપોર્ટ કરાવતી વખતે જેમ ડોક્ટરો એની અંદર શોધે છે તેમ! કૂંડામાં થોડું પાણી રેડી કૂંડાને માપસરખો તડકો મળે તેમ ગોઠવ્યા ને એનો ભેજ છેક આંખો સુધી પહોંચ્યો.

બસ, રાહ જોવાની હવે આમાંથી ક્યા છોડમાં નવી કૂંપળ નીકળે તેની.

# ૧૮) મહોરાં મહેલ - કલ્પેશ જયસ્વાલ

તંબુની બહાર હોર્ડિંગ વંચાતું હતું, "મહોરાં મહેલ." આવકારો ગુંજી રહ્યા હતા. "આઈયે... આઈયે... મહેરબાન...કદરદાન... મહોરાં મહેલ...એક અજાયબ મહેલ."

કુંતલ 'પ્રવેશ' તરફ આગળ વધી. દરવાને ઝૂકીને કુંતલને આવકારી. કુંતલ તો આગળ વધી પણ ઝૂકેલો દરવાન ભેદી રીતે મલક્યો.

મહોરાં જ મહોરાં...ફરતી ફરતી કુંતલ એક મહોરાં પાસે થોભી,'તો જ પહેરો, જો ન હોય ચહેરો.'

નવાઈ તો લાગી જ પણ વધુ નવાઈ તો તે વાતની હતી કે મહેલની અંદર તે એક માત્ર હતી જયારે બહાર તો લાંબી હાર હતી!

ઉત્સુકતાપૂર્વક તેણે મહોરું ઉઠાવ્યું.

બેખબર કુંતલની પાછળ ડોકિયું કરતાં દરવાનની આંખો ચમકી અને તેણે જોરથી આંખો બંધ કરી.

અવાજ ગુંજ્યો,"કોઈને ચહેરો નથી કુંતલ, મોહરાં પાછળ તો જો."

કુંતલે મહોરું પલટાવ્યું. તે મહોરાંની ઝપટમાં આવી ગઈ. તેની ચીખો બંધ થઈ અને મહોરું નીચે પડ્યું પણ કુંતલ ન હતી!

ટેન્ટની બહાર વંચાતું હતું, 'નિકાસ' અને દરવાન તેના પૂર્વવત પહેરવેશમાં બહાર નીકળ્યો. 'પ્રવેશ' પાસે સ્ત્રૈણ સ્વરનો આવકાર તેના કાનમાં પડઘાઈ રહ્યો.

## ૧૯) સાંજ - શીતલ ગઢવી

સાંજ પડે રોજની આદત મુજબ સતત ચાર ચક્કર મેં બાગની ફરતે લગાવ્યા. છતાંય એ વડીલ બાંકડાના છેડે સહેજ નમેલા જ રહ્યા. મને કોઈ અઘટિત થવાનો અણસાર આવતા હું ત્યાં પહોંચી ગઈ.

"અંકલ.. તમે ઠીક તો છો ને..?"

"શશશ..!"

એક અર્ધ મરેલા જીવડાને પોતાની સાથે લઈ જવા એક તરફથી કીડીઓ અને બીજા છેડેથી બે લાલ મંકોડા પ્રયત્ન કરી રહ્યા.

"રામ બોલો ભાઈ રામ.."

બગીચા બહારથી સ્મશાન યાત્રા પસાર થઈ રહી હતી.

## ૨૦) લાલ ટાઈ - પારૂલ મેહતા

"શું વાત છે મોમ, આખિર ઇસ નિખરે નિખારકા રાઝ ક્યા હૈ?" યુક્તાના ઉતાવળા આલિંગનથી બેધ્યાન બિલ્વા થોડી ઝંખવાણી પડી ગઈ. હાથમાંથી છટકતાં રહી ગયેલી પ્લેટ ઝીલતાં "બાય મોમ"નો જવાબ આપી એણે જાતને સ્વસ્થ કરવાનો પ્રયાસ કર્યો. "નાઇસ ડે બેટા" એમ યંત્રવત બોલીને બેડરૂમ તરફ ધસમસી. વેરવિખેર રૂમમાં શાર્દૂલ સફેદ શર્ટ પર ટાઈ લટકાવી મોબાઈલ પર વ્યસ્ત હતો. "ઓફિસમાં લાલ ટાઈ, ઓહ ગોડ, કેટલું અજુગતું લાગે છે! અરે નોટ તો સરખી બનાવવા દો!" દોડતાં શાર્દૂલની પાછળ એણે જરાક અમથું જોઈ લીધું અને તરત કિચન તરફ પાછી વળી. "બોસ જામો છો ને કંઈ આજકાલ! અમોઘની ટકોરથી એક મસ્ત સ્મિત આપી શાર્દૂલે ગાડી સ્ટાર્ટ કરી. "મૉમ, ડેડી બાય કહે છે."

"ઓહ, યસ, યસ, બાય બાય." અમોઘને હાથમાં ટેનિસ રેકેટ પકડાવતાં, વેવ કરી "નાઇસ ડે બેટા" કહી ઉતાવળાં પગલે બ્રેકફાસ્ટ ટેબલ તરફ ફેંકાઈ. ઓહ ગોડ, સાડા નવ થઈ ગયા! આજે તો વિડીયો ચેટ કરવાની હતી. શાવર લઈ સરસ તૈયાર થઈ બિલ્વાએ કમ્પ્યુટર "લોગિન" કર્યું. ગઈકાલે જ ડાઈ કરાવેલાં ખુલ્લાં જૂલ્ફાં રમાડતાં રમાડતાં અધીરા અને વેરવિખેર અવાજને સમેટતાં

ધીમેથી બોલી: "હેલો... હેલો.. સ્વરૂપા હિયર, જુઓ, પૂર્વરાગ સ્ક્રીન.. સ્ક્રીન, કેમેરા ઠીક કરો, હેલો.. આઈ કાન્ટ સી યુ પ્રોપરલી." સતત ઉપરતળે થતાં સ્ક્રીન પર એક આછોપાતળો આભાસ ઊપસી જ રહ્યો હતો કે લાલ રંગની અસ્તવ્યસ્ત ટાઈ જોઈ બિલ્વા સ્તબ્ધ થઈ ગઈ. એક પળનોય વિલંબ કર્યાં વિના એણે લોગઑફ કર્યું.

## ૨૧) છેલ્લી વસ્તુ – મહમદી વોરા

"આજે પણ આ શર્ટ નવું જ લાગે છે, કેટલું બધું ધ્યાન રાખે છે તુ આનું?"

"અરે, ખાલી શર્ટ જ નહીં તે આપેલી બધી વસ્તુઓ આજે પણ નવી જેવી જ છે."

"પણ આ બુટ નવા લેને, શું પહેરીશ નવી નોકરી પર?"

"ક્યાંથી લઉં? તે આપેલા પંદર હજાર તો ક્યારના પતી ગયા."

"હમ્મ." આંગળીઓના સમૂહમાં છેલ્લી વધેલી સોનેરી વીંટીએ અંગૂઠાનો સ્નેહ અનુભવ્યો.

"અને નોકરીનું હજુ નક્કી નથી."

"કેમ? ઇન્ટરવ્યૂમાં તો પાસ છે તુ."

"હા, સાહેબ કેહતા હતા કે હાજરી પત્રકમાં મારું નામ જ લખવાનું બાકી છે પણ એ નહીં લખે."

"કેમ?"

"આ શનિ-રવિમાં એ આબુ જાય છે અને તું મને ઓફીસે મુકવા આવી હતી ત્યારે તેમણે તને જોઈ હતી."

"તો?"

"તો શું? શનિવારે સવારે હું તને સ્ટેશને મુકવા આવીશ."

આંખો આંખોની રાહ જોતાં થાકી,"તને નોકરી તો મળી જશે ને?"

"હા."

"તું ખુશ થઈશ ને?"

"હા હવે."

"મારું એક કામ કરજે, સ્ટેશને આજ શર્ટ પહેરીને આવજે."

## ૨૨) સંબંધ - કિરણ પિયુષ શાહ

કાવ્યા રોજના સમયે બારી પર આવી ઉભી રહીં. તેની નજર રસ્તા પર પસાર થતા ચહેરામાં પરિચિત ચહેરો શોધતી.

હમણા બહુ દિવસોથી તે નજર નહોતો આવ્યો. તેને સમજાતું નથી કે શું બન્યું હશે? તેની નિયમતતા સૂર્ય સમાન હતી. નિશ્ચિત સમયે તેના પરિચિત સ્મિત સાથે તે કાવ્યાને બારીમાં જોઈ ત્યાંથી પસાર થતો. બંનેની નજર મળતી એક મૌન સંવાદ રચાતો.. કાવ્યા એક નિશ્વાસ સાથે બારી બંધ કરતી સાંજની પ્રતિક્ષા કરતી. સવાર સાંજ આ જ ક્રમ.

ઘણા દિવસોથી આ ક્રમ તૂટ્યો હતો. કાવ્યા વ્યગ્રતાથી આંટાફેરા કરતી. કશું જ સમજાતું નહોતું. શું થયું હશે તે વિચારીને થાકી.

તેણે ફોન કરી જાણવાનું નક્કી કર્યું. ફોન પર એજ ચિરપરિચિત અવાજને બદલે અજાણ્યો અવાજ સાંભળી તેનું હ્રદય એક સેકન્ડ ધબકવાનું ભૂલી ગયું.

ફોન પર તેની પૃચ્છાનો જવાબ સાંભળી..

ફોન તેના હાથમાંથી સરકી ગયો. તે બારી પાસે સ્થંભિત થઈ ગઈ..

તેની નજર આકાશે સ્થિર  થઈ ગઈ, ફરિયાદના ભાવ સાથે..

## ૨૩) ન્યાય - અંકુર બેંકર

સફેદ દીવાલોની વચ્ચે, સફેદ છત અને સફેદ પંખા નીચે, સફેદ પલંગની સફેદ ચાદર પર સૂતેલા અને સફેદ પડી ગયેલા લગભગ નિશ્ચેતન શરીરની ઊંડી ઊતરી ગયેલી સફેદ આંખો આજે ફરીથી ટીવી પર પોતાને જોઈ લાલ થઈને પછી ભીની થઈ ગઈ.

નર્સે હૂંફાળો હાથ રૂપાના કપાળ પર ફેરવી એના આંસુ લૂછ્યા ને એક તિરસ્કાર ભરી નજર ટીવી પર નાખી.

સેમી સ્પેશિયલ રૂમમાં ટીવીનો અવાજ પડઘાતો રહ્યો. "ચૌદ વર્ષ જૂના રૂપા રેપ કેસમાં વધુ એક તારીખ..."

## ૨૪) સ્ક્રીન સેવર - સંજય થોરાત

આ તો સાલો ગજબ થઈ ગયો. હું એને તાકીને જોઈ રહ્યો હતો ત્યાં તો એ સામેથી આવી, મારી આંખમાં આંખ પરોવી એણે હાથ પકડ્યો, મારાં શરીરમાંથી લખલખું પસાર થઈ ગયું.

એ તો હાથ પકડી ગાડી તરફ ચાલવા જ લાગી. એના ડ્રાઈવરે દરવાજો ખોલ્યો, એણે મને ખેંચીને અંદર બેસાડી દીધો.

"ચાલ, આજે તને મારું યૌવન બતાવી દઉં, તારા મનની ઈચ્છા છે ને?"

હું હજુય દિગ્મૂઢ હતો, જો મોંઢામાંથી હરફ નીકળે તો? મારું મોં સિવાઈ ગયું હતું અને એ બોલે જ જતી હતી. એની નજર મારા મોબાઈલના સ્ક્રીન સેવર પર પડી.

"ક્યારથી મારા પ્રેમમાં પડ્યો છે? હજુ મારા કેટલા ફોટો છે?"

એનો લીસ્સો સુંવાળો સ્પર્શ મને ગલીપચી કરાવતો હતો. મારા શરીરમાં રક્તસંચાર થઈ ગયો હતો. હું એને મન ભરીને માણી રહ્યો હતો. એટલામાં ગાડી સ્વિમિંગ પુલ પાસે જઈને અટકી, એણે મને એની સાથે ઉતાર્યો. મારો હાથ હજુય એના હાથમાં હતો...

"બેસ અહીંયા, તારે મને સ્ક્રીન સેવર જેવી જોવી છેને?" એણે એક બાદ એક વસ્ત્રો ઉતારવા શરૂ કર્યાં... અને એ બિકિનીમાં દેખાઈ... અસ્સલ મારા મોબાઈલ સ્ક્રીન સેવર જેવી જ... હું શરમ છોડીને દોડ્યો એને બાહોંમા ભરવા...અને હું ધડામ દઈને એરપોર્ટની લોંજમાં એના વેલકમ પોસ્ટરે જઈ અથડાયો... અને... મારી તંદ્રા તુટી...

"ઓ શાબજી, દૂર હો જાવ ઉસકે પોસ્ટર સે... વો ખુદ આ રહી હૈ..."

"ઓહ! વાઉ... મારી ડ્રીમ ગર્લ આવી ગઈ..." હું ડોક ઉંચી કરી એની ઝલક મેળવવા ઉભો થઈ ગયો. એટલામાં એ સંપૂર્ણ વસ્ત્રોમાં ત્યાંથી પસાર થઈ. મેં સેલ્ફી લેવાનો પ્રયાસ કર્યો. મને લાગ્યું કે એણે મારી આંખમાં આંખ પરોવી હાથ પકડ્યો, મેં એને ખેંચીને ભીંસી દીધી...

ત્યાં જ મેં એને વળીને મને ફ્લાઈંગ કિસ આપતા જોઈ... તો પછી આ મારી બાહોંમા કોણ?

## ૨૫) નિજાનંદ - અતુલ ભટ્ટ

..ને પીંછી તેણે પેલેટ પર પાછી મૂકી દીધી; અને તે  વિચારોની ગર્તામાં સરકી પડી. બધું જ લયકારી ગોળ ગોળ ઘૂમતું હોય તેવું લાગી રહ્યું. સ્ટુડિયોની ચોતરફ તેણે પેઇન્ટ કરીને ગોઠવેલાં સેલ્ફ-પોટ્રેટનાં ન્યૂડ-પેઈન્ટિંગની અંગભંગિમાઓ વધુ મરોડ લેતી જાણે તેની ચારેય બાજુ વમળાતી લાગી અને ઊંહકારાના માદક ધ્વનિથી સભર કમનીય પડઘાઓથી તે તરબતર થઈ ઊઠી! સેલ્ફ-પોટ્રેટના ન્યૂડ-પૉઝની બન્ને સપ્રમાણ પૃથૂલજંઘાઓ મધ્યે તેણે નજર કરી... ને પુનઃ મલ્ટિપલ ઑર્ગઝમની તીવ્ર અનુભૂતિથી તે ઝંકૃત થઈ ઊઠી.. પાંપણ પર ચરમસીમાના આનંદનો ભાર વર્તાઈ રહ્યો અને તેની સ્થિર નજરમાં દ્રશ્યમાન અંધારી ગુફા ધીરે ધીરે ઝાંખી થવા લાગી.. પૃથૂલજંઘાઓ સહેજ વધુ પ્રસારિત થઈ.

ગુફા રહસ્યમય હતી. શ્યામલી એમાં જઈને ફરી પાછી આવી. તેની આંખો પણ રંગીન પેલેટ જેવી જ બની ગઈ હતી.

ને સહસા ઝબકીને તે તંદ્રામાંથી બહાર આવી. તેના એસ સેવન ગૅલેક્સી પર ક્યુરેટર કામેન સેજપાલનો કામુક ચહેરો ડોકાઈ રહ્યો. ફોન હાથમાં લઈ થોડું વિચારીને તેણે પોતાના આ ન્યૂડ સિરીઝના એગ્ઝિબિશનની બાબતમાં કામેન સાથેની એપોઈન્ટમેન્ટ ડેટ કૅન્સલ કરી નાખી.

અને ફરી તેણે એક ભારે પીંછી હાથમાં પકડી...

❖ ❖

સોશિઅલ મીડિયામાં સર્જન

**ફેસબુક** - http://facebook.com/microsarjan

**ટ્વિટર** - https://twitter.com/sarjan_mfc

**વોટ્સએપ** – ૯૯૭૪૪ ૧૦૮૬૮

**વેબસાઈટ** – http://microsarjan.in

# 'અક્ષરનાદ માઈક્રોફિક્શન સ્પર્ધા ૩'ની કેટલીક વિજેતા માઈક્રોફિક્શન

## ૨૬) હું છું ને? - ભારતીબેન ગોહિલ

પ્રશાંત.. આજે બરાબર પાંચ વર્ષ થયાં. બહુ મોટો સમયગાળો. મારાથી ફક્ત બે જ કામ થયાં છે – એક પ્રાર્થના અને બીજું પ્રાયશ્ચિત!

એ સિવાય થાય પણ શું? સાંભળો – તમે એક પિતા ને હું 'મા'. એ મારી કાયાનો જ ટુકડો પણ એની ભાષા ન સમજી શકી એ દોષ તમારો છે. તમારે જ એને અંગ્રેજીમાં ભણાવવી હતી અને એટલે પાંચ વર્ષની થઈ ત્યાં હોસ્ટેલ ભેગી કરી દીધી.

તમે કહેતા, "તારું ભણતર ઓછું છે. દુનિયા ક્યાંની ક્યાં નીકળી ગઈ છે.. તને શું ખબર પડે? ને કાંઈ થાય તો 'હું છું ને' કહેતા. બસ.. પછી હું શું બોલું?

હું કેમ ભૂલું? - અગિયાર વરસની થઈ ત્યારે ફોન આવેલો. કંઈક ગભરાતી, શરમાતી, મૂંઝાતી, અધૂરું જ બોલતી હતી. મેં કલ્પના કરી કે પ્રશ્ન પિરિયડ્સ બાબત હશે. સમજાવી. "બેટા.. ઉંમરના ફેરફાર સાથે આવું થાય.. બધી દીકરીઓ સાથે થાય.. કાળજી રાખવાની બીજુ તો શું કહું?"

પણ પ્રશાંત, હું નહોતી જાણતી એ પિરિયડ્સની નહીં.. કોઈ અંકલની સતામણીની વાત કરી રહી હતી. હું તેની તકલીફ ન સમજી શકી. સલાહ પણ કેવી આપી... ઓહ..

પછી તો છેલ્લો ફોન - "મમ્મા... મારાથી સહન નથી થતું!" બસ પછી ક્યાં ગઈ કાંઈ સમાચાર નથી!

આપણી ભૂલ એને ખતરનાક ભૂલભૂલામણીમાં તો નહીં લઈ ગઈ હોય ને?

પ્રશાંત... તમે કહેલું "હું છું ને?"

આપણી લાડલી ખાતર ફરી એક વાર તમે આવોને!

## ૨૭) કાપલી – વિપ્લવ ધંધૂકીયા

પરમાર સાહેબ હાથમાં રાખેલી ચાર્જશીટ વાંચતા બોલ્યા.

નામ – પિયુષ પૂજાણી

ઉંમર – ૧૩

ગુનો – વિશ્વનાથ શર્માનું ખૂન

"લાગે છે તો સારા ઘરનો, છોકરા તે ખૂન કર્યું છે?" પરમાર સાહેબે ઠંડા કલેજે સામે બેઠેલા પિયુષને પૂછ્યું.

"હાં" એટલો જ અવાજ આવ્યો.

સામેથી સીધો જવાબ આવતા પરમાર સાહેબ જરાક ડઘાઈ ગયા, ગુનેગાર પોતાનો ગુનો ક્યારેય કબૂલ નથી કરતો, પણ આ છોકરો સીધો કબૂલ કરી રહ્યો હતો. અત્યારસુધી પરમાર સાહેબે ઘણાં કેસ જોયા હશે, પણ આ કેસ એમની માટે પણ નવાઈનો હતો, એક જ સોસાયટીમાં રહેતા, એક વયસ્ક માણસનું તેર વર્ષના છોકરાએ કત્લ કર્યું હતું. કેસ આગળ ચિલ્ડ્રન જુવેનાઇલમાં જાય એની પહેલા પરમાર સાહેબને થોડી વિગતો ટપકાવવાની હતી.

"કેમ?"

થોડીવાર સુધી કોઈ જવાબ ન આવતા પરમાર સાહેબ જોરથી બોલ્યા, "છોકરા, કેમ તે ખૂન કર્યું?"

સામેથી કોઈ જવાબ નહિ, છોકરો ચૂપ રહ્યો.

"બોલે છે કે પછી..?" પરમાર સાહેબ લાફો મારવાની તૈયારીમાં હાથ ઉપાડતા તાડુક્યા.

ડરેલા છોકરાએ પરમાર સાહેબને ખીચ્ચામાંથી એક કાપલી કાઢીને આપી.

"આ શું આપે છે?" પરમાર સાહેબ જોરથી બોલ્યા

"આ શું છે?" પરમાર સાહેબે કાપલી હાથમાં લીધી, વાંચી અને ખિજાઈ ગયા.

છોકરો એટલું જ બોલ્યો, "એ અંકલ બપોરે મારા ઘરે આવતા, મને કાપલી આપી નીચે લેવા મોકલતા."

કાપલી પર લખ્યું હતું "૧ પેકેટ કોન્ડોમ"

## ૨૮) સમદુખિયા - પરેશ ગોધાસરા

હાંફતુ હાંફતુ ચાલ્યું આવતું રાતું કૂતરું ચોક વચ્ચે ઊભું રહ્યું, એંઠવાડની ખાલી કુંડી તપાસતા તપાસતાં એણે આજુબાજુના ઘર તરફ નજર કરી. અચાનક મેઈન બજાર તરફની શેરીમાંના એક ઘરમાંથી રોટલીનો ઘા થયો. આંખમા ચમત્કાર સાથે, દોડતાં દોડતાં રાતડું એ તરફ પહોંચ્યું. રોટલી લેવા મોં લંબાવ્યુ જ કે મોટી ડાભ ભરતાં આવી ચડેલ ડાઘિયા કૂતરાંએ રોટલી ઝૂંટવી લીધી. રાતું કૂતરું મોં વકાસીને જોઈ રહ્યું.

પોતાના પંદરમા જૉબ ઈન્ટર્વ્યુ પરથી પરત ઘરે આવતા સમીરે રાતાં કૂતરાં તરફ નજર નાખતાં મોટો નિઃસાસો નાખ્યો.

# ૨૯) આર્યુવેદ – જગદીશ કરંગીયા

'આર્યુવેદ એ જ સર્વરોગોનો ઉપચાર' એ વિષય ઉપર અદ્ભુત ભાષણ આપીને બહાર નીકળતા આર્યુવેદ વિશ્વવિદ્યાલયના કુલપતિએ માથાના દુ:ખાવાથી રાહત મેળવવા તરત જ 'મેટાસીન' ગટગટાવી.

# ૩૦) ભગવાનનો કાગળ – શૈલેષ પંડ્યા

વિરાભાઈ રાજગોરટપાલોના થોકડા ,ગામના ગોરબાપા , કાઢીનજર એક વિચિત્ર સરમાનામા વાળા ગોઠવવા જાય ત્યાં જ એની , .કાગળ પર પડતા જ પત્ર ખુલ્યો

oT', ભગવાન.સ્વર્ગ ,

ભગવાન ,

તને માલૂમ થાય કે મારી મા ખૂબ બીમાર છેમારી માને ,તું થોડા પૈસા મોકલ .ઘરમાં નથી ખાવાના કે નથી દવાખાનાના પૈસા , શે'રમાં દવાખાને લઈ જાવી છેબાપુ . તો કેદુના અમને તારા ભરો'હે મૂકી મોટે ગામતરે હાલ્યાતું મારી માને બચાવી લે .ગ્યા' ..ભગવાન હું મોટો થઈને તારા બધા પૈસા ચૂકવી દઈશ.

લિ.રઘુ .'

પત્ર આંસુથી ભીંજાઈ ગયો પૂછતા પૂછતા ગામને છેવાડે આવેલા .ઝૂંપડામાં પહોચ્યા .

એક હાથમાં પત્ર ને બીજા હાથમાં જિંદગીભરની બચતઆ-સાત .ઠ વરસના બાળકને વિરાભાઈએ પત્ર અને હાથમાં રાખેલ રૂપિયાની થોકડી ધરી.

...મારી મા તો મરી ગઈ ,ભગવાનને કેજો ;બોવ મોડું કર્યું સાબ'' બોલતા જ છોકરો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો .

બાળકનું રડવું વિરાભાઈને હચમચાવી ગયું.

થોડા દિવસ પછી ફરી વિરાભાઈ ગામને છેવાડે આવેલી ઝૂંપડીએ પહોચ્યા .

ક્યા ,રઘુ ,એલા'ઃ ગયો?.. લે આ ભગવાનનો કાગળ આવ્યો છે '.

,બેટા રઘુ'

તારી મા અહી મારી પાસે મજામાં છે ને તારે હવે આ ઘર છોડીને આ ટપાલી ગોરબાપાને ઘરે રેવા જાવાનું છે.

લી. ભગવાન.'

જુ ,આમ બાર આવો ,ગોરાણી મા"ઓ, આપણો રઘુ પાછો આવ્યો છે ".કહેતા જ વિરાભાઈએ ભીંતે ટીંગાડેલી રાજુની તસ્વીર તરફ ભીની આંખે જોયું.

# ૩૧) મન – લીના વછરાજાની

વૃદ્ધાશ્રમના છ નંબરના રૂમમાં વસુબાનો પલંગ સૂનો થયો હતો. ગઈ કાલે જ અંતિમયાત્રા પતી.

આઠ નંબરના રૂમમાં એ.સી.ની ચિલ્ડ ઠંડક વચ્ચે રાજારામકાકાને કાન પાછળથી પરસેવાનો એક રેલો ઉતર્યો.

"હવે? એકલા જીવતા આવડશે?"

પોતાની જાત સાથે સંવાદ ચાલતો રહ્યો,

"અહીંયા આવ્યો ત્યારે એકલો જ હતો ને વળી!"

"હા, પણ બધા સાથે સરસ મનમેળ બેસી ગયો હતો.

"તે હજી બધા છે જ ને!"

"હા, છે તો ખરા પણ.."

"એમ બોલને કે, છ નંબરવાળી વસુ હવે નથી."

"હા, કદાચ નાટકના પહેલા અંકમાં પરિવારજનોએ મને અલગ કર્યો અને બીજા અંકમાં આશ્રમના પરિવારજનોએ અપનાવ્યો એ બેમાં વસુનું આગમન મને જીવવા વધુ પ્રેરી ગયું."

"પણ, એ ક્યાં તારી હતી! અને આ ઉંમરે..

"એ લોકલાજ જ અમને બન્નેને નડી ને! વસુની આંખમાં પણ મારા માટે કાળજી ઝલકતી."

"તો હવે?"

"કંઈ નહીં, વસુ હજી બહુ દૂર નહીં પહોંચી હોય."

બીજે દિવસે આશ્રમમાં ફરી દોડાદોડ થઈ ગઈ.

આઠ નંબરના રુમવાળા રાજારામકાકા રૂમમાં જ બેભાન મળી આવ્યા.

"આંખ ખોલો કાકા, આ ઉંમરે આપઘાતનો પ્રયાસ કરવાનું કારણ?"

મહાપરાણે આંખ ખૂલતા પોલીસ પૂછપરછમાં રાજારામ બોલ્યા, "ભૂલથી ઉંઘની દવાનો ડબલ ડોઝ લેવાઈ ગયો હશે સાહેબ."

આશ્રમમાં પ્રવેશતાં વસુના ફોટા સામે નજર પડતાં નિઃસાસો નિકળી ગયો.

થોડા દિવસ પછી ચાના સમયે વસુના રૂમમાં નવી ગોઠવાયેલી હસુની ઓળખાણ થઈ.

# ભરુચ ખાતે યોજાયેલ પ્રથમ માઈક્રોફિક્શન શિબિરનો અહેવાલ - જલ્પા જૈન

તારીખ ૧૬ જુલાઇ ૨૦૧૭ને રવિવારના શુભ દિને ભરુચ ખાતે, ભવ્ય કે.જે.ચોક્સી જાહેર પુસ્તકાલયમાં "સર્જન" ગુજરાતી માઈક્રોફિક્શન વાર્તા ગ્રુપ દ્વારા એક દિવસીય લેખન કળા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદની વાત એ છે કે "સર્જન" દ્વારા યોજાયેલ આ પ્રથમ માઇક્રોફિક્શન લેખનકળા શિબિરમાં ૪૦થી પણ વધુ જેટલી સંખ્યામાં શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો જે ગુજરાતી માઈક્રોફિક્શન પ્રત્યે સાહિત્યપ્રેમીઓનો ઉત્સાહ બતાવે છે.

યજમાન અને પુસ્તકાલયના ગ્રંથપાલ શ્રી નરેનભાઈ સોનારે શંખનાદથી સર્જનનાદ રેલાવી શિબિરની શરુઆત કંઈક આગવી રીતે કરી. નરેનભાઈએ ટૂંકમાં જણાવ્યું કે મારા મતે માઈક્રોફિક્શનનું પૌરાણિક ઉદાહરણ એટલે ગણેશજીએ આખી પૃથ્વી મુકીને એમના માતા પિતા ફરતે કરેલી પરિક્રમા.

સર્જનના સુત્રધાર શ્રી જીજ્ઞેશભાઈ અધ્યારુએ "સર્જન" વતી સૌ શિબિરાર્થીઓનું હાર્દિક સ્વાગત કર્યું. માઈક્રોફિક્શન કોને કહેવાય અને એનું બંધારણ કેવું હોય તેવી પાયાની સમજ આપતાં જીજ્ઞેશભાઈએ જણાવ્યું કે ટૂંકી વાર્તા જે 300 શબ્દોથી ઓછી હોય અને જે એક્શન, પ્લોટ અને ધારદાર અંત સાથે અનેક વિકલ્પો વાચકના મનમાં તરતાં મુકે એ માઈક્રોફિક્શન. સૌથી ઓછા શબ્દોમાં લખાતી માઈક્રોફિક્શનને ડ્રેબલ તરીકે પણ ઓળખવામાં આવે છે. માઈક્રોફિકનશનું જીવંત ઉદાહરણ પુરું પાડવા જીજ્ઞેશભાઈએ "બોમ્બે મિરર" અને "કૃતિ" નામની ટૂંકી ફિલ્મ શિબિરાર્થીઓને બતાવી. ફિલ્મની વાર્તા, પાત્રો અને વળાંકોનું એમની આગવી શૈલીમાં વિશ્લેષણ કરી બધામાં એમણે માઈક્રોફિક્શનનો રોમાંચ ભરી દીધો. માઈક્રોફિક્શન વિશે વાત આગળ વધારતાં જીજ્ઞેશભાઈએ ઉમેર્યું કે માઈક્રોફિક્શનમાં બિનજરુરી પાત્રો કે વર્ણનો નથી હોતા. ખપ પુરતા જ પાત્રો અને સંવાદો એ જ માઈક્રોફિક્શનની આગવી ઓળખ છે. જીજ્ઞેશભાઈ અધ્યારુએ હર્ષ સાથે જણાવ્યું કે "સર્જન" ગુજરાતી માઈક્રોફિકશને હવે ટૂંકી ફિલ્મોમાં પણ ઝંપલાવ્યું છે. હાલમાં જ રેકોર્ડ થયેલી ટુંકી ફિલ્મોના ખૂબ સરસ ટ્રેલર એમણે બતાવ્યા. સર્જનના જ સભ્ય આલોકભાઈ ચટ્ટ દ્વારા લખાયેલ માઈક્રોફિકશન "હું જ મારો દોસ્ત" નામક ટૂંકી ફિલ્મ પણ સ્ક્રિન પર સૌ પ્રથમ વખત માણી.

ચા-નાસ્તાના નાનકડા વિરામ બાદ શિબિરના બીજા તબક્કામાં શ્રી જીજ્ઞેશભાઈએ "વાર્તાતત્વ" વિશે સમજણ આપવા શ્રી મીનળબેન દવેને આમંત્રણ આપ્યું. મીનળબેન દવે ગુજરાતી ભાષા - સાહિત્યના ઉંડા જાણકાર તથા ભરુચ કોલેજમાં ખ્યાતનામ અધ્યાપક છે. મીનળબેને "સઆદત હસન મન્ટો" સાહેબની ટૂંકી વાર્તાઓના પઠનથી વાર્તાતત્વ વિશે સમજાવાની શરુઆત કરી. ગુજરાતી સાહિત્યમાં ઉમદા કહેવાય એવી ઘણી વાર્તાઓ એમણે લેખકોના નામ અને ઓળખાણ સાથે શિબિરાર્થીઓ સમક્ષ રજુ કરી. એમને જણાવ્યું કે વાર્તા લખવી એ કરકસરની કળા છે. જેમાં ઓછામાં ઓછા શબ્દો, વર્ણનો અને પાત્રો આવે એ જ ઉત્તમ માઈક્રોફિક્શન.

એમણે વાર્તા લખવાની રીત અને કૌશલ્ય વિશે વાત કરતાં જણાવ્યું કે આવી વાર્તા એક ક્ષણને એવી રીતે રજુ કરે છે જે સંવેદનાથી ભરપુર અને ચોટદાર હોય, તેથી તે વાચકના મનને અસર કરી જાય છે. એક શબ્દના અનેક અર્થ અને પ્રતિકયોજના એ પણ માઈક્રોફિક્શનની ખાસીયત છે. પ્રતિકયોજનાનો અર્થ સમજાવતા એમણે જણાવ્યું કે પ્રતિક એટલે એક પ્રતિક/સિમ્બોલને વાર્તા સાથે વણી લઈ વાર્તાતત્વને ખૂબ ઓછા શબ્દોમાં વર્ણવવાની કળા. એમણે કેથરીનની વાર્તા "ધ ફ્લાય" સંભળાવી જેમાં લેખકે "માખી"ના પ્રતિક દ્વરા આખા યુધ્ધના વાર્તાતત્વને વણી લીધું છે. એમણે જણાવ્યું કે આવી જ રીતે "પાત્રો" દ્વારા પણ વાર્તાતત્વને વણી શકાય. ગુલાબદાસ બ્રોકરની "ધુમ્રસેર" અને ઝવેરચંદ મેઘાણીની

“બદમાશ” એ પાત્ર સર્જનના ઉમદા ઉદાહરણ છે.

એમણે આગળ જણાવ્યું કે પરિચિત વિશ્વ પાછળ હંમેશા અપરિચિત વૈશ્વ છુપાયેલું હોય છે, તેને શોધો અને વાર્તાનું સર્જન કરો. અનુભવ જગતને કામે લગાડવા કલ્પનાની કલમને કામે લગાડવી પડશે. શબ્દોના નવા નવા અર્થ જન્માવો. જેમ જુના સિક્કાઓને ટંકશાળમાં લઈ જઈ એને ઓગાળી, એ જ ધાતુમાંથી નવા રૂપના નવા સિક્કાઓ બનાવામાં આવે છે તેમજ શબ્દોના નવા નવા અર્થને જન્મ આપવો. રાવજી પટેલની ખુબ જ વખણાયેલ કૃતિ “મારી આંખે કંકુના સૂરજ આથમ્યા”માં એકે અક શબ્દને નવા અર્થમાં ઓગાળી કવિએ નવો જન્મ આપ્યો છે. એમણે આગળ જણાવ્યું કે લેખકે ક્યારેય પ્રગટ થવાની ઉતાવળ નહી કરવી, પુષ્કળ વાંચવું અને આંખ ખુલ્લી અને કાન સરવા રાખવા. ઘટના માત્ર ઘટના ન બની રહેતાં લેખકે પોતાની સર્જનતા અને સર્જનાત્મકતા ઉમેરી ઉત્તમ વાર્તાઓનું નિર્માણ કરવું. “સંવેદના” એ વાર્તાનું અભિન્ન અંગ છે. સંવેદના જ નિર્જીવને સજીવ કરે છે. સંવેદનશીલ ચોટદાર વળાંક, કડવું અને વરવું સત્ય વાર્તાતત્વને જીવંત કરે છે. સુરેશ જોષીની વાર્તાઓ ઘટનાને કેવી રીતે ઓગાળી નાખવી એ ઉત્તમ રીતે શીખવે છે.

શ્રી મીનળબેને માઈક્રોકાવ્ય વિશે પણ વાત કરી. સુંદરમની “તને મે ઝંખી છે – યુગોથી ધીખેલા પ્રખર સહારાની તરસથી...” એ માઈક્રોકાવ્યનું પઠન કરતાં જણાવ્યું કે સુન્દરમની એક એક વાર્તા અને વર્ણન અદભુત હોય છે. ધુમકેતુ નું પાત્ર સર્જન, ઝવેરચંદ મેઘાણી અને પન્નાલાલ પટેલની ભાષા અને સ્ત્રી સર્જન અદભુત હોય છે. ચુનીલાલ મડીયા, જયંત ખત્રી જયંત દલાલ, હિમાંશી શેલત, કિરીટ દુધાત, વિનેશ અંતાણી, મહેન્દ્ર પરમાર, રામ મોરી જેવા લેખકોને આપણે ટૂંકી વાર્તા લખતા પહેલાં ચોકક્સ પણે વાંચવા રહ્યા. મીનળબેનને સાંભળવા ખરેખર એક લ્હાવો છે.

બપોરે સ્વાદિષ્ટ જમણ બાદ શ્રી જીજ્ઞેશભાઈ અધ્યારુએ ડો. હાર્દિક નિકુંજ યાજ્ઞિકને શિબિર સંબોધવા આમંત્રણ આપ્યું. ડો. હાર્દિકભાઈ યાજ્ઞિક કે જેમની પ્રખ્યાત એવી ચોટદાર માઈક્રોફિકશન આજે વોટ્સએપના ખુણે ખુણે એમના નામ વગર જ ધુમ મચાવે છે. ડો. હાર્દિકભાઈની માઈક્રોફિકશન ખૂબ જ ઉંડી અને ચોટદાર હોય છે. જેને "ડ્રેબલ" તરીકે ઓળખવામાં આવે છે. હાર્દિકભાઈનો અવાજ પણ એમની એક આગવી ઓળખ છે. એમણે બહુ સરળ ભાષામાં જણાવ્યું કે "આહથી વાહ" સુધીની સફર એટલે મારા મતે ઉત્તમ માઈક્રોફિક્શન. માઈક્રોફિક્શનમાં કંઈ સમજાવવું પડતું નથી. તેની ચમત્કૃતિ જ વાચકોના મનમાં અઢળક વિકલ્પો મુકે છે. એક ચોટદાર સંદેશો પહોચાડવા માઈક્રોફિક્શન ખૂબ જ અસરકારક છે. હાર્દિકભાઈએ એક જ લાઇનના પ્રોમ્પટનો ઉપયોગ કરી તેને નવે નવ રસના અલગ અલગ વાર્તાતત્વમાં ઢાળી એકથી એક ચડીયાતી માઈક્રોફિક્શન બનાવી અને શિબિરાર્થીઓને સાવ અનોખું જ ઉદાહરણ પૂરું પાડ્યું.

હાર્દિકભાઈએ એમની અમુક પ્રખ્યાત માઈક્રોફિકશન વાર્તાનું આગવી છટાથી પઠન પણ કર્યું. આગળની શિબિરનો દોર સંભાળતા શ્રી જીજ્ઞેશભાઈએ શિબિરાર્થીઓને "પણ મેં મારી જાતને જીવતી રાખી.." એ પ્રોમ્પટ આપી વીસ મિનિટના સમયગાળામાં એક માઈક્રોફિક્શન વાર્તા લખવાનું જણાવ્યું. જીજ્ઞેશભાઈએ શિબિરાર્થીઓએ લખેલી એક એક માઇક્રોફિકશન વાર્તાઓને સાંભળી અને વિશ્લેષણ કરતાં જણાવ્યું કે ઘટનાની મધ્યમાં વાર્તા શરુ કરો. શબ્દોથી એક અસરકારક ચિત્ર ઉપસાવો અને વાર્તાને ચુસ્ત રાખો. ઘટના નહિ પણ વાર્તા લખો. ત્યારબાદ ગ્રુપના સભ્ય મિનાક્ષીબેન વખારીયા, સોનિયા ઠક્કર અને રાજુલ ભાનુશાલીએ તેમની સ્વ લિખિત ઉત્તમ માઈક્રોફિક્શન વાર્તાઓનું પઠન શિબિરાર્થીઓ સમક્ષ કર્યું. શિબિરના અંતમાં શ્રી જીજ્ઞેશભાઈ અધ્યારુએ સૌ શિબિરાર્થીઓને પ્રમાણપત્ર આપી સાથે ફોટા પડાવી યાદગીરી લીધી. નરેનભાઇ સોનારે સ્વ હસ્તે દોરેલ “સર્જન વટવૃક્ષ” પોસ્ટ્કાર્ડ ફ્રેઇમને મોમેન્ટો સ્વરુપે શ્રી જીજ્ઞેશભાઈ અધ્યારુ, શ્રી મીનળબેન દવે અને ડો. હાર્દિક નિકુંજ યાજ્ઞિકને અર્પણ કર્યા.

ભરુચ ખાતે નરેનભાઈ સોનારે એક અનેરો ઉત્સાહ બતાવી આ "સર્જન" માઈક્રોફિક્શન શિબિરનું ખૂબ સરસ રીતે આયોજન કરેલું. ચા- નાસ્તા સાથે સ્વાદિષ્ટ ભોજનની ઉત્તમ સગવડ અને સ્ક્રીન પ્રોજેક્ટર સાથે હૉલની ખૂબ સરસ વ્યવસ્થા માટે તથા તેમની આ લાગણી માટે "સર્જન" આભાર વ્યક્ત કરે છે.

અતિભારે વરસાદની આગાહી વચ્ચે પૂર્વ નિર્ધારિત આ શિબિર આયોજનમાં કુદરત પણ સહયોગી બની. વરસાદે વિરામરામ લીધો હતો છતાં ઘણા એવા મિત્રો જે નહોતા આવી શક્યા તે સૌને યાદ કરી સર્જનાત્મકતા ભરી સૌ છૂટા પડ્યા.





ભરૂચમાં પહેલીવાર એકદમ નાની કહી શકાય એવ
ટૂંકીવાર્તા અંતર્ગત વિશેષ શિબિરનું આયોજન કરા

ભરૂચ, તા.૧૬

"કે.જે.ચોકસી પબ્લિક લાયબ્રેરી" અને "સર્જન" માઈક્રોગ્રુપના સંયુક્ત ઉપક્રમે તારીખ - ૧૬/૦૭/૨૦૧૭, રવિવારના રોજ પ્રથમ વખત "માઈક્રોફિક્શન લેખનકળા વિષયક" એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક અનોખી પ્રકારની શિબિર હતી જેમાં સાહિત્ય ક્ષેત્રે રસ ધરાવનાર સાહિત્ય પ્રેમીઓએ ભાગ લીધો હતો. માઈક્રોફિક્શન એક એવી વાર્તાનો પ્રકાર છે જે ઓછા શબ્દોમાં ખૂબ જ મુદ્દાસરની વાત રજુ કરે છે. જેને વાંચવથી વાચકના મુખમાંથી વાહ ...એન આહના ઉદગાર સરી પડે છે. એકદમ ટુકી એવી એ વાર્તા લાગે છે નાની પણ એને ઓછ અભિવ્યક્ત કરવી એ એક કળા છે ભરૂચના જાણીતા સાહિત્યકાર મીન દવેએ ખૂબ જ સરસ રીતે વાર્તા લખવા રીત, કૌશલ્ય વિશે સમજાવ્યું હતું. એમ એ પણ જણાવ્યું હતું કે આ વાર્તા એક ક્ષણને એવી રી રજુ કરે છે કે ખૂબ જ ઓછ શબ્દોમાં એકદમ ચોટદ ભાવાર્થ સાથે એ વાર વાચકના મનન અસ કરી જાય છે. અક્ષરના ડોટ.કોમ ગ્રુપના જીગ્ને અધ્યારુએ એક સરસ મઝાના વિડીય કલીપ અને પાવરપોઈન્ટ પ્રેઝેનટેશન દ્વા "માઈક્રોફિક્શન" વાર્તા લેખનની કળા આવરી લીધી હતી. ડો. હાર્દિક યાજ્ઞિ તેમ જ ઋષિ દવે તથા ૪૦ જેટલા સાહિ પ્રેમીઓએ ભાગ લીધો હતો. કે જે ચોક્સ પબ્લિક લાયબ્રેરી વતી નરેન કે સોન શંખનાદ કરી કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો

(તસવીર : જિજ્ઞેશ ડાંગરવાલા)












કે. જે. ચોકસી પબ્લિક લાયબ્રેરી, ભરૂચ ખાતે યોજાયેલ સર્જન માઈક્રોફિક્શન શિબિરની કેટલીક યાદગાર ક્ષણો

# સર્જન સાતમાં અંકની ટીમ

| | | | | |
|---|---|---|---|---|
| રાજુલ ભાનુશાલી | અજય ઓઝા | પ્રજ્ઞા પટેલ | પ્રીતી જરીવાળા | દિવ્યાંશ પંડિત |
| સંજય ગુંદલાવકર | જીજ્ઞેશ કાનાબાર | ભારતી ગોહિલ | વિભાવન મહેતા | આરતી આંત્રોલીયા |
| નીવારોઝીન રાજકુમાર | કલ્પેશ જયસ્વાલ | ગોપાલ ખેતાણી | સમીક્ષા ઠુમ્મર | નિમિષ વોરા |
| લીના વછરાજાની | જલ્પા જૈન | સંજય થોરાત | સંકેત વર્મા | પાર્મી દેસાઈ |
| વિપ્લવ ધંધૂકીયા | શૈલેષ પંડ્યા | લતા સોની | મીરા જોશી | મીનાક્ષી વખારિયા |
| સુષમા શેઠ | હિરલ વ્યાસ | પરેશ ગોધાસરા | શીતલ ગઢવી | પારૂલ મહેતા |
| મહમદી વોરા | કિરણ શાહ | અંકુર બેંકર | અતુલ ભટ્ટ | જગદીશ કરંગિયા |
| ધવલ સોની | અને સમગ્ર 'સર્જન' વોટ્સએપ ગ્રૂપ | | | |

## Magazine inspired by and result of whatsapp group 'Sarjan'

http://Microsarjan.in

'સર્જન' **ઓડીયો વિભાગ** – શરૂ થાય છે, તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ..